સુવિચાર

માનવીના બધા જ ગુણોમાં સાહસ પહેલો ગુણ છે. કારણ કે તે બધા જ ગુણોની જવાબદારી લે છે.

:: સૌજન્ય ::



નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૩/૦૨/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.



ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.



તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૦ મહા સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૦૬૨




માર્ગ બનાવવામાં ગૌચરની માટીનો ઉપયોગ થતો હોવાનો આક્ષેપ

# રાજુલાનાં છતડીયામાં ગૌચર જમીનમાંથી માટીની ચોરી


ગામજનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવીને ખનિજ ચોરી અટકાવવા માંગ કરી

મહાકાય વાહનોનો ઉપયોગ કરીને બેફામપણે માટીની ચોરી થતાં અવરજવરમાં પણ પરેશાની

માલઢોરને ચરાવવા જવામાં પણ મુશ્કેલી થતી હોવાનું જણાવાયું

ગામજનોએ ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયની મુલાકાત લઈને વ્યથા વર્ણવી






અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં ખનિજ ચોરી કરતાં તત્વો સામે કડક કાર્યવાહી કરવામાં જવાબદારતંત્ર નિષ્ફળ રહેતા ખનિજ ચોરી કરતાં તત્વોનાં ઉત્સાહમાં વધારો થયો છે અને કોઈનો પણ ડર રાખ્યા વગર ખનિજ તત્વોની ચોરી થતી હોવાથી અનેક ઘટનાઓ પ્રકાશમાં આવી રહી છે.

રાજુલાનાં છતડીયાનાં ગામજનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવીને ગામની ગૌચરણમાંથી ઘણા સમયથી ખુલ્લેઆમ માટી કાઢવામાં આવી રહી છે જેથી મસમોટા ખાડાઓ પડી ગયેલ હોવાથી માલઢોરને ચરાવવા જવામાં મુશ્કેલી થઈ રહી છે.

ગ્રામજનોએ ''અમરેલી એક્સપ્રેસ'' કાર્યાલયની મુલાકાત લઈને જણાવ્યું કે, માટીનો ઉપયોગ હાઈવે બનાવવામાં થાય છે અને માટી ચોરી કરનાર ગામજોને ડરાવી–ધમકાવી રહ્યાં છે.

છતડીયાનાં ગ્રામજનોની પિડા દૂર કરવા માટે પોલીસ અને મહેસુલ વિભાગ ગ્રામજનોની રૂબરૂ મુલાકાત લઈને નિયમાનુસાર કાર્યવાહી કરે તેવી માંગ ઉભી થઈ છે.

રાધિકા હોટલ પાછળની ઘટના

## સાવરકુંડલાના આધેડે ઝેરી દવા પી લેતા તેનું સારવાર દરમિયાન મોત થયું

રખડતું ભટકતું જીવન પસાર કરતા હતા

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલાના પારેખવાડી રોકડીયા હનુમાનજીની ડેરી પાસે રહેતા કિશોરભાઈ નનકુભાઈ વાળા નામનાં ૪૩ વર્ષિય આધેડ રખડતુ ભટકતુ જીવન જીવતા હોય ગત તા.૨૧ના રોજ સાવરકુંડલા ગામે આવેલ અમરેલી રોડ ઉપર રાધીકા હોટલની પાછળ પોતે પોતાની રીતે ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પત્ની પદાધિકારી હોય અને પતિ વહીવટ કરતાં હોય તેવી ઘટનાનો કર્યો વિરોધ

## બગસરાનાં સાપર ગામે યોજાયેલ કાર્યક્રમમાં ભાજપ અગ્રણીએ પતિઓને પત્નીનાં સ્થાને વહીવટ ન કરવા ટકોર

સોશ્યલ મીડિયામાં ગોપાલભાઈ વસ્તરપરાનો વિડીયો થયો વાયરલ

અમરેલી, તા. ૨૨

બગસરા તાલુકાના સાપર ગામેસરદાર પટેલની પ્રતિમાઅનાવરણ કાર્યક્રમમાં સુરતના ઉદ્યોગપતિ ધ્વારા મહિલાઓને વહીવટથી દૂર રાખવા બદલ કરાયેલ ટકોરનો વિડીયો વાયરલ થયો છે.

તાજેતરમાં સાપર ગામમાં સરદાર પટેલની પ્રતિમાના અનાવરણનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં અનેક પદાધિકારીઓ તથા તાલુકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તમામની વચ્ચે સુરતના ઉદ્યોગપતિ ગોપાલભાઈ વસ્તરપરા ધ્વારા બગસરા તાલુકામાં ચૂંટાયેલી મહિલાઓને બદલે તેમના પતિઓ ધ્વારા જ વહીવટ ચલાવાતો હોય મહિલાઓને સહભાગી કરવા માર્મિક ટકોર કરી હતી. જેમાં ઉદાહરણ સ્વરૂપે જિલ્લા પંચાયતની હામાપુર સીટમાં ચૂંટાયેલા મહિલા સદસ્યને બદલે તેમના પતિ જ બધે દેખાતા હોય છે તે સમજાવ્યું હતું તેમજ મહિલાઓની આ સ્થિતિ બાબતે નિરાશા વ્યકત કરી હતી. ચૂંટાયેલી મહિલાઓના જોરે તેમના પતિઓએ ન રહેવું જોઈએ એની વાત સંભળાવી હતી જેનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો. બગસરા તાલુકામાં તાલુકા પંચાયત અને નગરપાલિકા પ્રમુખ તેમજ જિલ્લા પંચાયતની એક સીટ પર મહિલા ચૂંટાયેલા છે પરંતુ તાલુકામાં તમામ સ્થળે કે જાહેર કાર્યક્રમમાં તેમના પતિદેવો જ દેખાતા હોય છે. ગોપાલભાઈ ધ્વારા કરવામાં આવેલી ટિપ્પણીથી તાલુકામાં ચૂંટાયેલા મહિલાઓની સ્થિતિ કેવી છે તેનો ખ્યાલ આવે છે. રાજકીય પક્ષ આ બાબતે કાર્યકરોને સુચના આપે તે જરૂરી છે.

સિનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ

## બાબરાના ઈંગોરાળામાં ૯ કાળીયાર હરણનાં મૃત્યુ કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

બાબરાના પ્રિન્સીપાલ જુડી.મેજીસ્ટ્રેટ દ્વારા નિર્દોષ છોડી મુકવા હુકમ



બાબરા, તા.૨૨

બાબરા તાલુકાના રેંજ ફોરેસ્ટ ઓફીસર ઝરમરીયાએ ઈંગોરાળા ગામના રહીશ ભગવાનભાઈ બાધાભાઈ ઠેસીયા, લાલજીભાઈ બાબુભાઈ ઠેસીયા તથા હરીભાઈ નથુભાઈ ઠેસીયાએ ઈંગોરાળા ગામે આવેલ તેમની માલીકીની જમીનમાં તથા હરીભાઈ નથુભાઈ ઠેસીયાએ જે.પી. ઠેસીયાની જમીન ભાગવી વાવવા માટે રાખેલી હોય અને તેમાં તેઓએ શાકભાજીનું વાવેતર કરેલ હોય અને તેમાં રોઝડા તથા કાળીયાર હરણોનો ત્રાસ વધેલો હોય તેના કારણે તેઓએ પાણી પીવાની કુંડીમાં યુરિયા ખાતર નાખેલ હોય અને તે યુરિયા ખાતરવાળુ પાણી પીવાથી નવ કાળીયાર હરણના મૃત્યુ થતા તેમના પી.એમ.કરી અને તેમને એફએસએલમાં તપાસણી અર્થે મોકલતા આ નવ કાળીયાર હરણોનું મૃત્યું ઝેરી પાણી પીવાથી થયેલ હોવાનું ખુલતા આ કામનાં ત્રણેય આરોપીઓ ભગવાનભાઈ બાધાભાઈ ઠેસીયા, લાલજીભાઈ બાબુભાઈ ઠેસીયા તથા હરીભાઈ નથુભાઈ ઠેસીયાની સામે વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ–૧૯૭૨ ની કલમ–૯(એ) તથા ૫૧ તથા ૫૨ મુજબ નો ગુન્હો દાખલ કરી અને આ ત્રણેય આરોપીઓની ધરપકડ કરવામાં આવેલી અને ત્યારબાદ તપાસના અંતે આ કામે એફ.એસ.એલ.નો રીપોર્ટ તથા ડોકટરએ કરેલ રીપોર્ટ વિગેરે તથા જે તે સમયે આર.એફ.ઓ. ઝરમરીયા સાથેના ફોરેસ્ટના સ્ટાફના માણસોના નિવેદનો તથા સ્થળ રોજકામ વિગેરે સામેલ રાખીને આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ હતું.

ત્યારબાદ આ અંગેનો કેસ ચાલી જતા સરકાર તરફે આરએફઓ તથા ડોકટર તથા ફોરેસ્ટના સ્ટાફના કર્મચારીઓને તપાસવામાં આવેલ હતા. ત્યારબાદ આ કામે ફરીયાદ નોંધનાર રેન્જ ફોરેસ્ટ ઓફીસર તથા ચાર્જશીટ કરનાર અધિકારીને ફરીયાદપક્ષે તપાસવામાં આવેલ હતા.

આ બાબતે ઉપરોકત કેસ બાબરાના પ્રિન્સીપાલ જયુડી.મેજી. એસ.સી. વાઘેલાની કોર્ટમાં ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ આ કામના આરોપી વિરૂધ્ધ સાબીત નહી કરી શકતા આ કામના આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા એસ.બી.તેરૈયા તથા એચ.વી. મીઠાપરા રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલોને ધ્યોન લઈ આ કામના આરોપીઓ ભગવાનભાઈ બાધાભાઈ ઠેસીયા, લાલજીભાઈ બાબુભાઈ ઠેસીયા તથા હરીભાઈ નથુભાઈ ઠેસીયાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ બાબરાના પ્રિન્સીપાલ જયુડી. મેજી. એસ.સી. વાઘેલા દ્વારા કરવામાં આવેલ છે.

## ધારીના અમૃત પુર ગામે એલ્યુમિનિયમ વાયરની ચોરી

અમરેલી, તા. ૨૨

ધારી તાલુકાના અમૃતપુર ગામની સીમમાં આવેલ બાપા સિતારામ હોટલની પાછળ આવેલ શંભુભાઈ મોહનભાઈ રાજાણી તથા રવજીભાઈ હરજીભાઈ રાજાણી તથા લાભુભાઈ હરજીભાઈ રાજાણી રહે.તમામ સરસીયા, (તા. ધારી) વાળાની માલીકીની જમીન વાડીના શેઢે છ વીજપોલના હળવા દબાણની ચાલુ ઈલેકટ્રીક લાઈનના કુલ આશરે ૯૦૦ મીટર ઓલ એલ્યુમિનિયમના વાયર કિંમત આશરે રૂપિયા ૧૯,૫૨૫ની તેમજ સરસીયા–જીરા વચ્ચે આવેલ માધવબાગની પાછળ આવેલ કનુભાઈ મોહનભાઈ વિરડીયાની વાડી ખેતર તેમજ અશોકભાઈ વિરજીભાઈ વિરડીયાના ખેતરમાં આવેલ ત્રણ વિજપોલના આશરે ૩૧૬ મીટર ઓલ એલ્યુમિનિયમન જેટલો વાયર કિંમત આશરે રૂપિયા ૬૮૫૫ની એમ કુલ મુદામાલ ૧૨૧૬ મીટર ઓલ એલ્યુમિનિયમનોવાયર જેની કુલ કિંમત રૂપિયા ૨૬૩૮૦ નો મુદામાલ ગત તા. ૨૫/૧/ થી તા. ૧૩/૨ દરમિયાન કોઈપણ સમયે કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી લઈ ગયાની ફરિયાદ અંકિતકુમાર હસમુખભાઈ વાળા (પીજીવીસીએલ નાયબ ઈજનેર)એ ધારી પોલીસમાં નોંધાવી છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

## સાવરકુંડલામાં ઉછીના રૂપિયા બાબતે મારામારીની ઘટના

અમરેલી, તા. ૨૨

સાવરકુંડલા ગામે ગાયત્રી મંદિર પાછળ કેવડાપરા વિસ્તારમાં રહેતા નિતિનભાઈ દિપકભાઈ સોલંકી નામનાં ૧૮ વર્ષિય યુવકે તે જ ગામે રહેતા આરોપી દાદુભાઈ વિનુભાઈ ગોહિલ પાસેથી આશરે પાંચેક મહિના પહેલા હાથ ઉછીના પૈસા લીધેલ હોય, જેના અડધા પૈસા યુવક દાદુભાઈ વિનુભાઈ ગોહિલને પાછા આપવા ગયેલ હોય જે દરમ્યાન આરોપીએ પુરા પૈસા આપવાનુ કહી યુવકને ગાળો આપી તથા શરીરે ઢીકાપાટુ વડે મારમારી તથા છરી વડે ડાબી આંખની બાજુમાં ઈજા કરી ત્રણ ટાંકા લાવી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી. તેમજ આરોપી વિક્રમભાઈ ભાવેશભાઈ સોલંકીએ યુવકને ગાળો આપી તેમજ લાકડી વડે માથાના પાછળના ભાગે મુઢ ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાય મંજૂર કરાવતા ધારાસભ્ય તળાવીયા




અમરેલી, તા. ૨૨

હાલ સરકાર દ્વારા ગુજરાત રાજય તેમજ સમગ્ર દેશના નાગરિકોના આરોગ્યની સતત ચિંતા કરવામાં આવી રહી છે તેના ભાગરૂપે ગુજરાત રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકાર દ્વારા દેશના નાગરિકોને આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે અને મફત સારવાર મળી રહે તેવા ઉમદા હેતુથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના હેઠળ આયુષ્યમાન કાર્ડ આપી રાજય સરકાર દ્વારા રૂપિયા ૫ (પાંચ) લાખ તેમજ કેન્દ્ર સરકાર દ્વારા રૂપિયા ૫ (પાંચ) લાખ એમ મળી કુલ રૂપિયા ૧૦ (દસ) લાખની આરોગ્ય સારવાર સહાય આપવામાં આવી રહી છે અને વધારાની સહાય માટે સરકાર દ્વારા મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાય ચૂકવવામાં આવી રહી છે. ત્યારે લાઠી બાબરા વિસ્તારના સતત પ્રયત્નશીલ જાગૃત અને નામના નહીં પણ કામના ધારાસભ્ય જનકભાઈ તળાવીયા દ્વારા લાઠી તાલુકાના તાજપર ગામના કરણભાઈ માનસંગભાઈ ઠેરાણાને કેન્સરની બીમારી હોવાથી મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી સહાય પેટે રકમ આપવા ભલામણ કરતા રાજય સરકાર મુખ્યમંત્રીના રાહત ફંડમાંથી રૂપિયા એક લાખ મંજૂર કરવામાં આવેલ છે તેમજ બાબરા તાલુકાના ઈશ્વરીયા ગામના થોભણભાઈ બીજલભાઈ મુંધવાને (પોસ્ટ વાયરલ એ ડી ઈ એમ) રોગની સારવાર માટે પણ રૂપિયા એક લાખ મંજૂર કરવામાં આવેલ છે અને આ બંને પરિવારોને આ સહાયની રકમ પોતાના ખાતામાં આવી ગયેલ છે.

સોશ્યલ મીડિયામાં વિડીયો થયો વાયરલ

## ધારીનાં સફારી પાર્ક નજીક બે ડાલામથ્થા સિંહો આંટાફેરા કરતાં જોવા મળ્યા

શિકારની શોધમાં હોવાનું પ્રાથમિક તારણ



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓ હવે માનવ વસ્તીમાં બિન્દાસ રીતે ફરી રહયા છે ત્યારે એક અઠવાડિયા પહેલાં સવાર સવારમાં ધારી નજીક આવેલ ખોડિયાર ડેમ નજીકના સફારી પાર્ક પાસે એકી સાથે સિંહોનું ટોળું જોવા મળ્યા બાદ આજે ફરી ધારી નજીકના સફારી પાર્ક નજીક બે ડાલામથ્થા સિંહોના આંટાફેરા મારતા જોવા મળ્યા હતા. આ બે સિંહોની લટારનો વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થવા પામેલ છે.

આ બનાવમાં જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓ હવે ખોરાક અને પાણીની શોધમાં માનવ વસ્તીમાં બિન્દાસ રીતે ફરી રહયા છે. ત્યારે આજે ધારી નજીક આવેલ ખોડીયાર ડેમ અને સફારી પાર્ક નજીક બે ડાલામથ્થા સિંહો લટાર મારતા જોવા મળ્યા હતા. શિકારની શોધમાં સફારી પાર્ક બહાર સિંહો ફરતા હોય, પ્રવાસીઓએ સફારી પાર્ક બહાર ખુલ્લામાં વિહરતા સિંહોના સિંહ દર્શન થયા હતા. આ બે સિંહોની લટારનો વિડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, એક અઠવાડિયા પહેલાં પણ સવાર સવારમાં ધારી નજીક આવેલ ખોડિયાર ડેમ નજીકના સફારી પાર્ક પાસે એકી સાથે સિંહોનું ટોળું જોવા મળ્યું હતું.

સ્થાનિકોએ વિરોધ શરૂ કરી દીધો

## અમરેલીનાં વિદ્યાનગરમાં અનુ.જાતિ કુમાર છાત્રાલય શરૂ થાય તે પહેલા વિવાદ

વિરોધ કરનાર વિરૂધ્ધ કાર્યવાહી કરવા માંગ

અમરેલી, તા. ૨૨

અમરેલીનાં વિદ્યાનગરમાં અનુ.જાતિ કુમાર છાત્રાલય શરૂ થવાનુ હોય સ્થાનિકોએ વિરોધ કરતા એ.બી. ચાવડાએ સીટી પીઆઈને પત્ર પાઠવીને વિરોધ કરનાર સામે એફઆઈઆર દાખલ કરવા માંગ કરેલ છે.

પીઆઈને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, અમરેલીમાં અનુ.જાતિ કુમાર છાત્રાલય વિદ્યાનગરમાં મંજુર થતાં ત્યાં ડો. મધુભાઈ ભીખાભાઈ ભરખડા તથા દિલીપભાઈ રતિભાઈ બામટા તથા શ્રૃતિબેન વાસુદેવભાઈ જોષી વિગેરેએ અનુ.જાતિ કુમાર છાત્રાલય કોઈપણ સંજોગોમાં બનવા દેવામાં નહી આવે અને અનુ.જાતિ સમાજના વિદ્યાર્થીઓ ન્યુસન્સ છે તેવા આવેદનપત્રો કલેકટર, અમરેલી વિગેરેને આપેલ છે. આ મતલબની પ્રેસનોટ રીલીઝ થયેલી છે અને ન્યુઝમાં આ ત્રણેય વ્યકિતઓએ લાઈવ આવી અનુ.જાતિ સમાજની લાગણી દુભાવેલ છે.

આમ આ ત્રણેય આરોપીઓએ પ્રિવેન્શન ઓફ એટ્રોસીટી એકટ તળે તથા નાગરીક હકક રક્ષણ અધિનિયમ તળેનો ગુન્હો આચરેલ છે. આ આરોપીઓ સામે ધોરણસર કાર્યવાહી કરવા અંતમાં માંગ કરેલ છે.

## અમરેલી શહેરમાં મનફાવે તે રીતે વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવે છે

# હમ નહી સુધરેંગે : પીજીવીસીએલનાં અણઘડ વહીવટથી શહેરીજનોમાં રોષ

**અમરેલીનાં ધારાસભ્ય અને સાંસદે પીજીવીસીએલનાં અધિકારીઓને તેમની જનતા પ્રત્યેની ફરજનું ભાન કરાવવું જોઈએ**

**આજનાં ટેક્નોલોજીનાં યુગમાં થોડીવાર માટે પણ વીજ પુરવઠો બંધ થાય તો શહેરીજનોનાં રોજિંદા કામો અટકી પડે છે**

**ફરજ બેદરકાર રહેનાર વીજકર્મીઓ વિરૂધ્ધ શિક્ષાત્મક પગલા લેવામાં આવે તેવી માંગ જનતા જનાર્દન ઉભી થઈ**

**તગડો ચાર્જ વસુલીને પણ પીજીવીસીએલ નિયમિત વીજ પુરવઠો ન ફાળવે તો જવાબદારી નક્કી થવી જોઈએ**

અમરેલી, તા. ૨૨

અમરેલી શહેરમાં અવારનવાર વીજ પુરવઠો ખોરવાઈ જતાં પીજીવીસીએલનાં કર્મીઓ વિરૂધ્ધ નારાજગીનો માહોલ ઉભો થયો હોય અમરેલીનાં ધારાસભ્ય અને સાંસદે પીજીવીસીએલનાં અધિકારીઓને તેમની ફરજનું ભાન કરાવવું જોઈએ તેવી માંગ જનતા જનાર્દન કરી રહી છે.

અમરેલી શહેર એ નધણિયાત હોય તેમ વીજકર્મીઓ મનફાવે તે રીતે જનતાનો ડર રાખ્યા વગર ગમે તે સમયે દિવસ હોય કે રાત હોય વીજ પુરવઠો કલાકો સુધી બંધ કરી દેતા હોય શહેરીજનોને વીજ પુરવઠા વગર અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

એક તરફ બપોરનાં સમયે ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે અને બીજી તરફ પીજીવીસીએલ ધ્વારા કલાક બે કલાક વીજ પુરવઠો અચાનક કોઈને જાણ કર્યા વગર બંધ કરી દેતાં નાના બાળકો, વૃધ્ધ અને બીમાર વ્યકિતઓ તોબા પોકારી જાય છે.

આજે ઘરથી લઈને કોમર્શિયલ સ્થળોએ સમગ્ર કામગીરી ઈલેકટ્રોનીકસ ઉપકરણનાં આધારે થતી હોય અને વીજ પુરવઠો ખોરવાઈ એટલે કે ઘરમાં રહેલ ફ્રીઝ, ઘરઘંટી, વોશિંગ મશીન, મીક્ષ્ચર, ટેલિવીઝન, એસી, પંખા, પાણીની મોટર શોભાનાં ગાંઠીયા સમાન બની જાય છે. તો કોમર્શિયલ વિસ્તારમાં પણ કોમ્પ્યુટર બંધ થતાં તમામ કામગીરી ઠપ્પ થઈ જાય અને શહેરીજનો પરેશાન થઈ રહ્યા છે.

અમરેલીમાં એક મિનિટ માટે પણ વીજ પુરવઠો બંધ ન થાય અને જો વીજ પુરવઠો બંધ કરવાની નોબત આવે તો આગોતરી જાણકારી આપવી જોઈએ અને આ પ્રકારનાં નિયમનો ભંગ કરનાર વીજ અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ શહેરીજનો કરી રહ્યા છે.

---

### યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદીની દલીલો સફળ

## બાબરામાં મારામારીનાં ચકચારી કેસમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો

**અમરેલીનાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રીક્ટ એન્ડ સેશન્સ જજે કર્યો હુકમ**



અમરેલી, તા. ૨૨

બાબરામાં મારામારીનાં ચકચારી બનાવમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો થયો છે.

આ કામનો બનાવ બાબરા મુકામે એસ.ટી. ડેપોની સામે રહેણાંક વિસ્તારમાં બનેલો હતો અને બનાવના દિવસે આ કામના ઈજા પામનાર યાસીનભાઈ અને તેનો પરીવાર દરગાહએ દર્શન કરવા ગયેલ હતા અને તે સમયે તેમનો નાનો ભાઈ આફતાબ ઘરે એકલો હતો તે દરમિયાન બપોરના બે વાગ્યના અરસામાં આફતાબે ફોન કરી અને જણાવેલ કે અશોકભાઈ ગરણીયાએ રોડ ઉપર બ્લોક પાથરવાનું કામ શરૂ હોય અને આપડો ઓટલો કાઢી નાખવા બાબતે તેમની સાથે બોલાચાલી કરે છે તેવું જણાવેલ જેથી આ કામના ફરીયાદી તથા તેમના કુટુંબીજનો ત્યાંથી પાંચેક વાગ્યે બાબરા મુકામે તેમના ઘરે પહોંચેલા તે સમયે અશોકભાઈ સાથે બોલાચાલી થયેલ જેથી તેઓ ઉશ્કેરાઈ જઈ બેઝબોલનો ધોકો લઈને આવેલ તે વખતે શેરીમાં રહેતા ચાંપરાજભાઈ હાથીભાઈ વાળા પોતાના હાથમાં તલવાર લઈને તથા તેના નાનાભાઈ શિવરાજભાઈ હાથીભાઈ વાળા પોતાના હાથમાં લોખંડનો પાઈપ લઈને તથા ચાંપરાજભાઈના બનેવી જે બગસરાથી આવેલા તે પણ લોખંડનો પાઈપ લઈને મારવા દોડેલા. તે સમયે ચાંપરાજભાઈએ એક તલવારનો ઘા યાસીનભાઈના માથામાં મારેલો તથા શિવરાજભાઈના હાથમાં લોખંડનો પાઈપ હોય તેણે યાસીનભાઈના માથામાં બે ઘા મારેલા તે વખતે ઈમરાનભાઈ પઠાણ વચ્ચે પડવા જતા ચાંપરાજભાઈએ તેની ઉપર તલવારનો ઘા કરતા તેના માથાના ભાગે ડાબી બાજુ વાગેલ અને બીજો ઘા કરવા જતા તલવાર પકડી પાડેલ જેથી તેમના જમણા હાથના અંગુઠા પાસેથી આંગળી કપાઈ ગયેલી અને તે સમયે યાસીનભાઈના માથામાંથી લોહી નીકળવા લાગતા તે પડી જતા ત્યાં દેકારો થતા ચાંપરાજભાઈના બંને ભત્રીજા દોડીને આવેલા અને તેણે ઈંટોના ટુકડાના ઘા કરેલા. આમ આ કામના ફરીયાદીએ ચાંપરાજભાઈ તથા અશોકભાઈ ગરણીયા તથા તેની સાથેના માણસોએ આ કામના ઈજા પામનાર ને મારી નાખવાના ઈરાદે તેમના પર જીવલેણ હુમલો કરેલો અને ત્યારબાદ ઈજા પામનારને પ્રથમ બાબરા સરકારી દવાખાનામાં ત્યારબાદ રાજકોટ વોકહાર્ડ હોસ્પીટલમાં દાખલ કરેલ હતા.

આ કામે ચાર્જશીટ થયા પછી અમરેલીના પ્રિન્સીપલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એમ.જે. પરાશર સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરીયાદ પક્ષ તરફ થી પોતાનો કેસ સાબીત કરવામા નિષ્ફળ જતા આ કામ ના તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીના યુવા એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા. આમ આ કામે બચાવપક્ષ તરફથી રજુ થયેલ દલીલોને ધ્યાને લઈ આ કામના આરોપીઓ અશોકભાઈ ઉર્ફે મુનાભાઈ મુળુભાઈ ગરણીયા તથા મહાવીરભાઈ અનકભાઈ વાળા તથા અશોકભાઈ જીલુભાઈ વરૂ તથા ચાંપરાજભાઈ હાથીભાઈ વાળા તથા શિવરાજભાઈ હાથીભાઈ વાળા તથા રઘુવીરભાઈ અનકભાઈ વાળાને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ અમરેલીના પ્રિન્સીપલા ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ એમ.જે. પરાશર દ્વારા કરવામાં આવેલ છે.

---

## બાબરા ભાજપનાં અગ્રણીનાં પુત્રએ ગોળાફેંકમાં ૨ જો ક્રમ મેળવ્યો



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અમરેલી, તા. ૨૨

અમરેલી ખાતે આયોજિત સાંસદ ખેલ મહાકુંભમાં અલગ અલગ રમતમાં જિલ્લાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગોળા ફેંક રમતમાં જિલ્લા પંચાયતના સભ્ય નીતિનભાઈ રાઠોડના પુત્ર હાર્દિક રાઠોડે પણ બાબરાના પ્રતિનિધિ તરીકે ભાગ લોધો હતો. જેમાં તેઓએ બીજા જિલ્લાની સ્પર્ધામાં મેડલ પ્રાપ્ત કરેલ હતો. હાર્દિક રાઠોડને ખુબ ખુબ શુભકામનાઓ અને હજી રાજયકક્ષાએ રમવાનો મોકો મળે અને વિજય થાય તેવી શુભેચ્છા શહેરમાં મળી હતી.

---

## અમરેલીનાં તપોવન આશ્રમને રૈયાણી પરિવાર દ્વારા ૫૧ હજારનું અનુદાન



અમરેલી, તા. ૨૨

સેવાને સરનામે ઉમળકા સાથે સ્વ. સવિતાબેન કાળુભાઈ રૈયાણીનાં સ્માર્ણર્થે તેમના પુત્રો ઘનશ્યામભાઈ રૈયાણી તથા રાજેશભાઈ રૈયાણી તરફથી સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહી તપોવન આશ્રમનાં ભગીરથ નિર્માણ કાર્ય માટે ૫૧,૦૦૦/– રૂપિયાનું અનુદાન તા. ૨૧/૨/૨૪નાં રોજ આપેલ સાથો સાથ સંસ્થાની સેવાકીય પ્રવૃતિઓની વિગત મેળવી સંસ્થાની પ્રગતિ અંગે સારહી તપોવન આશ્રમનાં સ્વપ્ન દ્રષ્ટા મુકેશ સંઘાણીને શુભેચ્છા પાઠવી હતી.

---

### અમરેલી–રાજકોટ રોડ પર આવેલ

## મોટા માચીયાળા ગામ નજીક આવેલ મધુરમ કન્સ્ટ્રકશનમાં અચાનક આગ લાગી

**અમરેલી ફાયર ફાઈટર ટીમે આગ પર કાબુ મેળવ્યો**



અમરેલી, તા. ૨૨

અમરેલી જિલ્લાના મોટા માચીયાળા ગામ નજીક આવેલ ' મધુરમ કન્સ્ટ્રકૂશન'માં ડામરની કોઠીમાં અચાનક આગ લાગવાની ઘટના બનેલી તેના અનુસંધાને આજે બપોરનાં સમય અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવેલ કે ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની રાહબરી નીચે વાયરલેસ ઓફિસર હરેશભાઈ સરતેજા તથા અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ તુંરત ઘટના સ્થળ પર પહોંચી. પાણી તથા ફોર્મનો મારો ચલાવી આગ પર કાબુ મેળવેલ હતો. તથા આજુબાજુની અન્ય ભઠ્ઠીઓને પ્રોટેકશન કરીને સુરક્ષિત કરેલ હતી. આ સંપૂર્ણ ઘટનામાં કોઈ જાનહાની થયેલ નથી. તથા કામગીરીમાં ફાયર ટીમના પ્રવિણભાઈ ચૌહાણ, સાગરભાઈ પુરોહિત, કૃષ્ણભાઈ ઓળકીયા, જયવંતસિંહ પઢીયાર, ઈસોટિયા જયદીપભાઇ, પારસભાઈ પરમાર, ચાવડા ધવલભાઈ વગેરે જોડાયા હતા.

---

### શહેરીજનો નિયમિત વેરો ભરતા હોવા છતાં સ્વચ્છતાનો અભાવ

## જાફરાબાદનાં સામાકાંઠે આવેલ તલાવડી નજીક ગંદકીનાં ગંજ

**પાલિકાનાં શાસકો યુધ્ધનાં ધોરણે સ્વચ્છતા અભિયન શરૂ કરે**



જાફરાબાદ, તા. ૨૨

જાફરાબાદના સામાકાંઠે આવેલ તલાવડી વિસ્તારમાં ઘણા સમયથી ખદબદતી ગંદકી બાબતે જવાબદાર અધિકારી આંખ–કાન બંધ કરી કુંભકર્ણની નિદ્રામાં હોય તેવું જણાઈ રહ્યું છે. લોકોને પડતી હાલાકી બાબતે જવાબદાર અધિકારી ધ્યાન આપે છે કે પછી હોતા હૈ ચલતા હૈ તેવું અપનાવવામાં આવશે. જનતા પાસેથી વેરો વસુલવા માટે ગાડીમાં લાઉડસ્પીકરથી વેરો ભરવા માટે જનતા ને પાલિકા દ્વારા જણાવવામાં આવશે પરંતુ વેરો વસુલી કરી ને પણ સારી એવી સુવિધા દેવામાં પાલિકા કેમ નિષ્ફળ આ બાબતે જનતા માંથી રોષ જોવા મળ્યો છે. ઘણા ખરા વિસ્તારમાં ખદબદતી ગંદકી બાલકૃષ્ણ સોસાયટી વિસ્તારમાં ખડકાયેલા ઉકરડા શહેરીજનો પાલિકાના વિવિધ કરવેરા ભરતા હોવા છતાં પણ સુવિધા ઝીરો જાફરાબાદના સામાકાંઠે આવેલ તલાવડી વિસ્તારમાં રહેણાંક વિસ્તારમાં ખદબદતી ગંદકી પરંતુ પાલિકાના જવાબદાર અધિકારીઓના ધ્યાન ઉપર આવતું નથી. અવારનવાર દૈનિક સમાચારપત્રમાં આ બાબતે અવાર–નવાર અહેવાલ રજુ થતા હોય પરંતુ સાફ–સફાઈ માત્રને માત્ર થોડો ઘણો કચરો ટ્રેકટર દ્વારા ઉપાડી અને બીજો ગંદવાડો મુકીને નાટક કરી ચાલ્યા જાય છે તેમજ બાલકૃષ્ણ સોસાયટીની બાજુમાં આવેલ ભૂતડાદાદાના મંદિરની બાજુમાં પણ ખડકાયો ઉકરડો નગરપાલિકા ના જવાબદાર અધિકારીના નજરમાં નથી આવતું. બાલકૃષ્ણ સોસાયટી ભૂતડાદાદાના મંદિરની બાજુમાં ઉકરડાના ઢગલા જોવા મળી રહ્યા છે. પરંતુ પાલિકા સાફ સફાઈ કરવા માટે નથી વેરા વસૂલાત કેવી રીતે કરવા તેમાં વધારે રસપ્રદ હોય તેવું શહેરીજનો જણાવી રહ્યા છે. આ ગંદકી દૂર કરવા માટેની માંગ ત્યાંના નાગરિકો દ્વારા થઈ છે.






















ગુજરાત શિક્ષણ બોર્ડે એક્શન પ્લાન કર્યો જાહેર

# આગામી ૧૧મી માર્ચ થી ધો. ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું આયોજન

## આ પરીક્ષામાં રાજ્યભરમાંથી ૧૫. ૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી ૧૧મી માર્ચ થી ધોરણ ૧૦ અને ૧૨ ની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે જેને લઈને માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે તે મુજબ આ આ પરીક્ષામાં રાજયભરમાંથી ૧૫.૩૮ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે જેમાં ધોરણ ૧૦ની પરીક્ષા માટે ૯.૧૭ લાખ અને ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ માટે ૧.૩૨ લાખ તથા સામાન્ય પ્રવાહ માટે ૪.૮૯ લાખ વિદ્યાર્થીઓ નોંધાયા છે. પરીક્ષા માટે સમગ્ર રાજયમાં ૫૩૭૮ બિલ્ડિંગના ૫૪૨૯૪ બ્લોકનો ઉપયોગ કરવામાં આવશે. શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા માટેના કેન્દ્ર પણ જાહેર કરી દેવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. બોર્ડની પરીક્ષાને લઈને તમામ તૈયારીઓ પૂર્ણ થતાં હવે આગામી દિવસોમાં બોર્ડ દ્વારા પરીક્ષા માટેની હૉલ ટિકિટ ઈશ્યૂ કરવામાં આવશે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૧ માર્ચથી લેવામાં આવનારી ધો.૧૦ અને ૧૨ની પરીક્ષાને લઈને એક્શન પ્લાન જાહેર કરવામાં આવ્યો છે. જે મુજબ ધોરણ ૧૦ માં ૯,૧૭,૬૮૭ વિદ્યાર્થીઓ નોંધાયા છે. જેમાં ૩.૯૯ લાખ છોકરીઓ છે.

ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓની સંખ્યા આ વર્ષે ૪,૮૯,૨૭૯ છે. જેમાં નિયમિત ૩,૮૦,૨૬૯ અને રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ૬૧,૧૩૦ છે. આ ઉપરાંત ખાનગી નિયમિત વિદ્યાર્થીઓની સંખ્યા ૨૯,૫૨૩ અને ખાનગી રીપીટર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૩,૪૧૭ આમ ધોરણ ૧૦ અને ૧૨માં મળીને આ વખતે બોર્ડમાં ૧૫,૩૮,૯૫૩ વિદ્યાર્થીઓ નોંધાયા છે.

ધો.૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા માટે જેલના બંદીવાન વિદ્યાર્થીઓ પણ નોંધાયા છે, જેમાં અમદાવાદ મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૨૭ અને ધો.૧૨ના ૨૮ કેદી પરીક્ષા આપશે. જ્યારે વડોદરા મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૧૩ અને ધો.૧૨ના ૯ કેદી, રાજકોટ મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૧૬ અને ધો,૧૨ના ૭ કેદી તેમજ સુરતની લાજપોર મધ્યસ્થ જેલમાં ધો.૧૦ના ૧૭ અને ધો.૧૨ના ૧૩ કેદી પરીક્ષા આપશે. આમ, ચારેય મધ્યસ્થ જેલમાં મળી ધો.૧૦ના ૭૩ અને ધો.૧૨ના ૫૭ કેદી બોર્ડની પરીક્ષા આપશે. ધો.૧૦ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાં ૮૪ ઝોન નક્કી કરવામાં આવ્યા છે. આ ઝોનમાં ૯૮૧ કેન્દ્ર પરથી બોર્ડની ધો.૧૦ની પરીક્ષા લેવામાં આવશે. જ્યારે જેલના કેન્દ્રની સંખ્યા ૪ છે. જ્યારે ધો.૧૨ અને સામાન્ય પ્રવાહના કુલ કેન્દ્રની સાયન્સના કુલ કેન્દ્રની સંખ્યા ૧૪૭ છે

ધો.૧૦ની પરીક્ષામાં ૯.૧૭ લાખ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેવાના હોવાથી ૯૮૧ કેન્દ્ર પર ૩૧૮૪ બિલ્ડિંગનો ઉપયોગ કરવામાં આવશે. આ બિલ્ડિંગના ૩૧,૮૨૯ બ્લોકમાં ધો.૧૦ના વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા હાજર રહેશે. ધો.૧૨ સાયન્સમાં ૧૪૭ કેન્દ્ર પર ૬૧૪ બિલ્ડિંગનો ઉપયોગ કરવામાં આવશે. આ બિલ્ડિંગના ૬૭૧૪ બ્લોકમાં સાયન્સની પરીક્ષાનું અને ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં ૫૦૬ કેન્દ્રનો ઉપયોગ કરવામાં આવશે. આમ, બોર્ડની પરીક્ષામાં કુલ ૫૩૭૮ બિલ્ડિંગના ૫૪,૨૯૪ બ્લોકનો પરીક્ષામાં ઉપયોગ કરાશે.

ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની ગોલ્ડન જ્યુબિલીની ઉજવણી

# અમૂલને વિશ્વની નંબર વન ડેરી બનાવવા સરકાર સહયોગ આપશે એ મોદીની ગેરંટી : મોદી

## અમૂલ એટલે આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા, અમૂલ એટલે મોટાં સપનાં, મોટા સંકલ્પો અને મોટી સિદ્ધિઓ : વડાપ્રધાન નરેન્દ્ર મોદી



અમદાવાદ, તા.૨૨

ગુજરાતમાં જીસીએમ એમએફના સુવર્ણ જયંતી સમારોહની ભવ્ય ઉજવણી પ્રસંગે નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે એક લાખથી વધુ દૂધ ઉત્પાદકો, સહકારી અગ્રણીઓ, ખેડૂતો, પશુપાલકો થયા સહભાગી થયા હતા. સહકારથી શક્તિ, સહકારથી સન્માન, સહકારથી સમૃદ્ધિ'ના સૂત્રને વર્ષોથી ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન સાર્થક કરતું આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત કો ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન (જીસીએમએમએફ)ની ગોલ્ડન જયુબિલીની ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યભરમાંથી એક લાખથી વધુ ખેડૂતો, દૂધ ઉત્પાદકો, સહકારી અગ્રણીઓ સહિત પશુપાલકો આ ભવ્ય ઉજવણીમાં સહભાગી થયા હતા. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડેશનને તેની સુવર્ણ જયંતી પર શુભેચ્છાઓ પાઠવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ૫૦ વર્ષ પહેલા ગુજરાતનાં ગામોએ મળીને સહકારી ક્ષેત્રે જે છોડ વાવ્યો એ આજે વિશાળ વટવૃક્ષ બની ગયું છે અને તેની શાખાઓ દેશ વિદેશમાં ફેલાઈ છે. અમૂલ વિશ્વની નંબર વન ડેરી બને એ માટે સરકાર તમામ સહયોગ આપશે, એ મોદીની ગેરંટી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે આઝાદી પછી દેશમાં ઘણી બધી બ્રાન્ડ બની, પરંતુ અમૂલનો વિકાસ અભૂતપૂર્વ રહ્યો છે, અમૂલ જેવું કોઈ નહીં એમ કહેતા વડાપ્રધાને કહ્યું કે, આજે અમૂલ દેશના પશુપાલકોના સામર્થ્યની ઓળખાણ બની ગયું છે. અમૂલ અને શ્વેતક્રાંતિની સફળતાની વાત કરતાં દેશના પશુધનના યોગદાનને યાદ કરીને વડાપ્રધાને પશુધનની વંદના કરી હતી.

અમૂલને એક બ્રાન્ડની સફળતાનો ઉત્તમ પર્યાય ગણાવતા વડાપ્રધાને જણાવ્યું કે, અમૂલ એટલે વિશ્વાસ, અમૂલ એટલે વિકાસ, અમૂલ એટલે લોકભાગીદારી, અમૂલ એટલે ખેડૂતોનું સશક્તીકરણ, અમૂલ એટલે સમય સાથે આધુનિકતાની સ્વીકાર્યતા, અમૂલ એટલે આત્મનિર્ભર ભારત માટેની પ્રેરણા, અમૂલ એટલે મોટાં સપનાં, મોટા સંકલ્પો અને મોટી સિદ્ધિઓ. અમૂલના ઉદભવ અંગે વાત કરતા વડાપ્રધાને જણાવ્યું કે, અમૂલનો પાયો સરદાર વલ્લભભાઈ પટેલના માર્ગદર્શનમાં ખેડા મિલ્ક યુનિયન સ્વરૂપે નંખાયો હતો. સમયની સાથે સાથે ડેરી સહકારિતા ગુજરાતમાં વ્યાપક ક્ષેત્રે ફેલાઈ અને ક્રમશઃ ગુજરાત કોઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનનું નિર્માણ થયું. આજે પણ અમૂલ સરકાર અને સહકારના તાલમેળનું ઉત્તમ ઉદાહરણ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

જીસીએમએણએફઅને અમૂલે સાધેલા વિકાસ અંગે વધુમાં વાત કરતા પીએમ મોદીએ જણાવ્યું કે, દૂરંદેશી વિચારો સાથે લીધેલા નિર્ણયો કેવી રીતે આવનારી પેઢીનું ભાગ્ય બદલી શકે તેનું ઉત્તમ ઉદાહરણ અમૂલ છે. અમૂલના વિકાસમાં મહિલા શક્તિના યોગદાન વિશે વાત કરતા મોદીએ કહ્યું હતું કે, આજે અમૂલ જે સફળતાની ઊંચાઈ પર છે તે ફકત મહિલાશક્તિના કારણે છે. આજે જ્યારે ભારત 'વિમેન લેડ ડેવલોપમેન્ટ'ના મંત્ર સાથે આગળ વધી રહ્યું છે ત્યારે ભારતના ડેરી સેકટરની આ સફળતા દેશ માટે મોટી પ્રેરણા બની રહેશે. દેશને વિકસિત બનાવવા માટે દેશની પ્રત્યેક મહિલા આર્થિક રીતે સશકત બને તે જરૂરી છે. એટલે જ, અમારી સરકાર મહિલાઓની આર્થિક શક્તિ વધે તે દિશામાં કામ કરી રહી છે. મહિલાઓની આર્થિક શક્તિ વધારવા માટે શક્ય તમામ પ્રયાસો કરવામાં આવ્યા છે. મુદ્રા લોન હોય કે પીએમ આવાસ યોજના, દરેક યોજનામાં નારીશક્તિને અગ્રતા આપવામાં આવી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું. ખેડૂતોના વિકાસ માટે કરવામાં આવેલા કાર્યો વિશે વાત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે, ખેડૂતોનું જીવન કેવી રીતે સારું બને તે હંમેશાંથી અમારો લક્ષ્યાંક રહ્યો છે. પશુપાલનનો વ્યાપ કેવી રીતે વધે, પશુઓનું સ્વાસ્થ્ય કેવી રીતે સારું રહે, ગામોમાં પશુપાલનની સાથે માછલીપાલન અને મધમાખી પાલનને કેવી રીતે પ્રોત્સાહન આપવું એ દિશામાં અમે સતત પ્રયાસરત છીએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતુ. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની ગોલ્ડન જયુબિલી ઉજવણી પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં 'સહકારથી સમૃદ્ધિ'નો ધ્યેય ચરિતાર્થ કરતો આજનો આ પ્રસંગ છે. આજનો આ અવસર મહત્ત્વપૂર્ણ એટલા માટે પણ છે કે આજથી એક મહિના પહેલા ૨૨ જાન્યુઆરીએ વડાપ્રધાનના હસ્તે અયોધ્યાના ભવ્ય રામમંદિરમાં રામલ્લાની પ્રાણ-પ્રતિષ્ઠાનો અવસર ઊજવાયો હતો, આવો જ ઉમંગ અને ઉત્સાહનો માહોલ આજે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ એવા નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં જોવા મળી રહ્યો છે. આમ, દેશના અમૃતકાળમાં સહકારથી સમૃદ્ધિ દ્વારા રામરાજ્યની મોદીની ગેરંટી છે, એવું તેમણે ઉમેર્યું હતું.આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન હેઠળના વિવિધ ડેરીઓના પાંચ પ્લાન્ટનું ઈ-લોકાર્પણ કર્યું હતું. જેમાં સૌ પ્રથમ અમૂલ ડેરી, આણંદના નવા ઓટોમેટિક યુએચટી મિલ્ક પ્લાન્ટ, સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના ચીઝ પ્લાન્ટ અને મેન્યુફેકચરિંગ પ્લાન્ટ, કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના ઓટોમેટિક આઈસ્ક્રીમ પ્લાન્ટ તથા ભરૂચ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. હેઠળ ડેરી પ્રોસેસિંગ પ્લાન્ટ, નવી મુંબઈનું ઈ-લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત રાજકોટ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.ના રાજકોટ ડેરી વિકાસ પરિયોજનાનું પણ ઈ-લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે જીસીએમએણએફનો સ્મૃતિ કોઈન પણ વડાપ્રધાનના હસ્તે રિલીઝ કરવામાં આવ્યો હતો. અમૂલના આઈકોનિક ગીત 'મંથન' પર સુંદર સાંસ્કૃતિ કૃતિ પણ આ પ્રસંગે રજૂ કરવામાં આવી હતી, જેમાં ૫૦૦ જેટલા કલાકારો દ્વારા ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

લોકસભાની ચૂંટણીને લઈને કમર કસતો ભાજપ

# સરકારની ૧૦ વર્ષની સિદ્ધિ જનતા વચ્ચે લઈ જવાની તૈયારી શરૂ

## ભાજપ રામ મંદિર નિર્માણ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવવા સહિતના મુદ્દાઓ પણ જનતા સમક્ષ રજૂ કરશે

નવી દિલ્હી, તા.૨૨

ભાજપે લોકસભાની ચૂંટણીની તૈયારીના ભાગરૂપે મોદી સરકારની ૧૦ વર્ષની સિદ્ધિ અને કલ્યાણકારી યોજનાઓ જનતા વચ્ચે લઈ જવાની તૈયારી શરૂ કરી દીધી છે.

ભાજપ રામ મંદિર નિર્માણ, જમ્મુ-કાશ્મીરમાંથી કલમ-૩૭૦ હટાવવા સહિતના મુદ્દાઓ પણ પ્રજા સમક્ષ રજૂ કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને પાર્ટીના તમામ મોટા નેતાઓ આ તમામ વિષયો પર સતત અવાજ ઉઠાવી રહ્યા છે, પરંતુ શું ભાજપે ચૂંટણી જીતવા માત્ર આ વિષયો પર જ નિર્ભર રહેવું પડશે? ચૂંટણી પ્રચારમાં ભાજપ આ તમામ મુદ્દા પ્રજા વચ્ચે ઉઠાવવાની છે, પરંતુ પક્ષનું સૌથી વધુ ધ્યાન અન્ય મુદ્દા પર પણ કેન્દ્રિત છે.

ભાજપ ચૂંટણી પ્રચારમાં મોદી સરકારની ૧૦ વર્ષની સિદ્ધિ ઉપરાંત રામ મંદિર અને કલમ-૩૭૦નો મુદ્દો તો ઉઠાવશે જ. આ ઉપરાંત પક્ષ બુથ મેનેજમેન્ટ પર પણ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યો છે. તાજેતરમાં ભાજપનું રાષ્ટ્રીય અધિવેશન યોજાયું હતું.

જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી એ કાર્યકર્તાઓને વધુમાં વધુમાં મતદારો જોડવા અને ૧૦૦ દિવસનો ટાસ્ક પણ સોંપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'ભાજપના કાર્યકર્તાઓ દેશ માટે કંઈને કંઈક કરતા રહે છે, પરંતુ આગામી ૧૦૦ દિવસ નવી ઊર્જા, નવો ઉમંગ, નવો ઉત્સાહ, નવો વિશ્વાસ અને નવા જોશ સાથે કામ કરવાના છે. એક-એક મતદારો સુધી પહોંચવાનું છે.' આ સંબોધનમાં બુથ મેનેજમેન્ટ અને બુથ જીતવાની વ્યૂહનીતિનો સ્પષ્ટ સંદેશો જોવા મળ્યો છે.

ભાજપ વડાપ્રધાન મોદીના લક્ષ્યાંકને પાર પાડવા તૈયારીમાં જોતરાઈ ગઈ છે. ભાજપે તમામ રાજયના એકમોની જવાબદારી નક્કી કરવા ઉપરાંત સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે, તમામ મંડળ પ્રભારી ૩૦ દિવસમાંથી ઓછામાં ઓછું એક દિવસ એક પેજ પ્રમુખ સાથે મુલાકાત કરે. તેમણે દરેક મતદાર સુધી પહોંચવાનો ટાસ્ક સોંપ્યું હતું અને આ માટે પક્ષે વ્યૂહરચના પણ ઘડી છે. દેશભરના તમામ સ્તરના નેતાઓ અને કાર્યકરોને દરેક બુથ પર ૩૭૦ મત વધારવા કહેવાયું છે. ડેટા મુજબ વાત કરીએ તો દેશભરમાં કુલ ૧૦ લાખ ૩૫ હજાર અને એક લોકસભા મતવિસ્તારમાં સરેરાશ ૧૯૦૦ બુથ છે. આ મુજબ ભાજપનું એક લોકસભા મતવિસ્તારમાં સરેરાશ સાત લાખ અને કુલ ૩૮ લાખ મતદારો જોડવાનું લક્ષ્ય છે.

નાસાની પ્રમુખ સ્વામીને અનોખી અંજલિ

# નાસાના ચંદ્ર પર લેન્ડ થનારા સ્પેસ ક્રાફ્ટ પર પ્રમુખસ્વામીની તસવીર

## અમેરિકાની સ્પેસ સંસ્થા દ્વારા સ્પેસ ક્રાફ્ટ પર કરાયેલી કોતરણી પ્રમુખ સ્વામી મહારાજની સેવાના સન્માનમાં છે

વૉશિંગ્ટન, તા.૨૨

બીએપીએસ (બોચાસણવાસી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા ) સંગઠનના ગુરુ પ્રમુખ સ્વામી મહારાજને અમેરિકન અવકાશી સંસ્થા નાસા એક અનોખી શ્રદ્ધાંજલિ આપવા જઈ રહી છે. નાસાનુ યાન ઓડિસિયસ ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે અને નાસાના આઈએમ-૧ મિશનના ભાગરુપે તે ૨૨ ફેબ્રુઆરીએ ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગનો પ્રયાસ કરશે. તેની બહારની સપાટી પર પ્રમુખ સ્વામી મહારાજની તસવીર સાથે તેમણે કરેલા કામની માહિતી આપવામાં આવી છે.

ઈન્ટ્યુઈટિવ મિશન્સે એક્સ પર આ તસવીરો શેર કરીને લખ્યું છે કે, 'રિલેટિવ ડાયનેમિક્સના સમન્વયથી લોન્ચ કરાયેલા આઈએમ -૧ મિશન દ્વારા પરમ પાવન પ્રમુખ સ્વામી મહારાજને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ છે. સ્પેસ ક્રાફ્ટ પર કરાયેલી કોતરણી પ્રમુખ સ્વામી મહારાજની સેવાના સન્માનમાં છે. તેમણે આખું જીવન નિઃસ્વાર્થ પણે માનવીય મૂલ્યોના સમર્થનમાં તેમજ માણસ જાતની સેવામાં પસાર કર્યું હતું. તેમના સેવા કાર્યો બે દેશો વચ્ચેના સાંસ્કૃતિક જોડાણનુ નિમિત્ત બન્યા હતા. અંતરિક્ષમાં પણ શોધખોળના ક્ષેત્રે અલગ અલગ દેશોનું જોડાણ મહત્ત્વનું બની રહે છે. પ્રમુખ સ્વામી મહારાજનો જન્મ ૧૯૨૧માં થયો હતો. તેમનુ સાંસારિક નામ શાન્તિલાલ પટેલ હતું. બાદમાં તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયમાં જોડાઈને દીક્ષા ગ્રહણ કરી હતી. વડોદરા પાસે જન્મેલા પ્રમુખ સ્વામી મહારાજના નેતૃત્વમાં બીએપીએસ સંપ્રદાયે સમગ્ર દુનિયામાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સામાજિક કાર્યોને લગતી પ્રવૃત્તિઓ વિસ્તારી હતી. પ્રમુખ સ્વામી મહારાજના કારણે અમેરિકામાં બીએપીએસના સંખ્યાબંધ મંદિરોનું નિર્માણ શક્ય બન્યું છે. દિલ્હીના ભવ્ય અક્ષરધામ મંદિર બનાવવામાં પણ તેમની મહત્ત્વની ભૂમિકા હતી. તેમણે પોતાના જીવનકાળમાં લગભગ ૧૦૦૦ ભવ્ય મંદિરો બનાવડાવ્યા છે. તેઓ વર્ષ ૨૦૧૬માં ૯૪ વર્ષની વયે સ્વર્ગવાસી થયા હતા.

આઈપીએલ-૧૭ની ૨૧ મેચનો કાર્યક્રમ જાહેર

# ૨૨ માર્ચે ચેન્નાઈ-બેંગ્લોર વચ્ચે પ્રથમ મેચ રમાશે

## હાલ સાતમી એપ્રિલ સુધી રમાનારી મેચોનું જ શેડ્યુલ જાહેર કરાયું છે, બાકીની મેચો લોકસભા ચૂંટણી પછી જાહેર કરાશે

નવી દિલ્હી, તા.૨૨

આઈપીએલની ૧૭મી સિઝનનું શેડ્યુલ જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં ૨૧ મેચોનું શેડ્યૂલ જ જાહેર કરવામાં આવ્યું છે. આઈપીએલ ૨૦૨૪ની પ્રથમ મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે ૨૨ માર્ચના રોજ રમાશે. આ મેચ ચેન્નઈ સુપર કિંગ્સના હોમ ગ્રાઉન્ડ એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાશે. હાલ સાતમી એપ્રિલ સુધી રમાનારી મેચોનું જ શેડ્યુલ જાહેર કરાયું છે, બાકીની મેચો લોકસભા ચૂંટણી પછી જાહેર કરાશે. ચેન્નઈની ટીમ રેકોર્ડ નવમી વખત કોઈપણ આઈપીએલસિઝનની પ્રથમ મેચ રમશે. અગાઉ ચેન્નઈની ટીમ ૨૦૦૯, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૮, ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૨ અને ૨૦૨૩માં ઉદ્‌ઘાટન મેચ રમી ચૂકી છે. દિલ્હી કેપિટલ્સની ટીમ તેની પ્રથમ બે મેચ વિશાખાપટ્ટનમમાં રમશે. ઉંન્ની ફાઈનલ દિલ્હીમાં રમાશે, તે પછી તરત જ આઈપીએલમાટે મેદાન તૈયાર કરવામાં સમય લાગશે. આ કારણોસર દિલ્હીની પ્રથમ બે મેચ વિશાખાપટ્ટનમમાં યોજાશે.

દેશમાં આ વર્ષે યોજાનારી લોકસભા ચૂંટણીને કારણે આઈપીએલનું સંપૂર્ણ શેડ્યુલ જાહેર કરાયું નથી. હાલ ૧૫ દિવસના કાર્યક્રમની જાહેરાત કરવામાં આવી છે. લોકસભા ચૂંટણીની તારીખોની જાહેરાત બાદ બાકીની મેચોનું શેડ્યુલ જાહેર કરાશે. હાલ માત્ર સાતમી એપ્રિલ સુધી રમાનારી મેચોના શેડ્યૂલની જાહેરાત કરાઈ છે.

ચૂંટણીનાં નોટિફિકેશનનો ઈન્તજાર

# બેઠકોની વહેંચણીનું કામ પહેલા થવું જોઈતું હતું : કેજરીવાલ

## આમ આદમી પાર્ટી દક્ષિણ દિલ્હી, ઉત્તર-પશ્ચિમ દિલ્હી, નવી દિલ્હી અને પશ્ચિમ દિલ્હીની બેઠકો પર ચૂંટણી લડી શકે છે

નવી દિલ્હી, તા.૨૨

લોકસભાની ચૂંટણી માટે ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચના પ્રથમ અઠવાડિયામાં નોટિફિકેશન બહાર પાડવામાં આવી શકે છે. આ સંભાવનાને ધ્યાનમાં રાખીને તમામ રાજકીય પક્ષો પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. આ વચ્ચે દિલ્હીથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે જેમાં આમ આદમી પાર્ટી (આપ) અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણીને લઈને સમજૂતી થઈ છે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, દિલ્હીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગઠબંધન પર વાતચીત અંતિમ તબક્કામાં ચાલી રહી હતી. આજે બંને પક્ષો વચ્ચે બેઠક વહેંચણીને લઈને સમજૂતી થઈ છે, જેમાં દિલ્હીમાં લોકસભાની સાત બેઠકોમાંથી આપ ૪ બેઠકો પર ચૂંટણી લડશે જ્યારે કોંગ્રેસે ૩ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી શકે છે. નોંધનીય છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઘણી વખત કોંગ્રેસ સાથે સીટ વહેંચણીમાં વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે "આ કામ ઘણું પહેલા થઈ જવું જોઈતું હતું"

બંને પક્ષો ગઠબંધન હેઠળ દિલ્હીમાં ચૂંટણી લડવા સંમત થયા હોય તેવું લાગે છે. જો કે હાલ કોંગ્રેસ આ ઓફર અંગે કંઈપણ કહેવાનું ટાળી રહી છે. સૂત્રોના જણાવ્યાનુસાર, આમ આદમી પાર્ટી દક્ષિણ દિલ્હી, ઉત્તર-પશ્ચિમ દિલ્હી, નવી દિલ્હી અને પશ્ચિમ દિલ્હીની બેઠકો પર ચૂંટણી લડી શકે છે. બાકીની ત્રણ સીટો નોર્થ ઈસ્ટ, ચાંદની ચોક અને ઈસ્ટ દિલ્હી કોંગ્રેસને મળી શકે છે. હાલમાં દિલ્હીની તમામ સાત બેઠકો પર ભાજપના સાંસદો છે.

આ ઉપરાંત અન્ય બે રાજ્યોમાં પણ આપઅને કોંગ્રેસ વચ્ચે સીટની વહેંચણી નક્કી કરવામાં આવી છે. વહેંચણીની જે ફોર્મ્યુલા તૈયાર કરવામાં આવી છે તે મુજબ આપદિલ્હીમાં ૪ સીટો પર ચૂંટણી લડશે જ્યારે કોંગ્રેસને ત્રણ સીટો આપવામાં આવશે. જ્યારે હરિયાણામાં કોંગ્રેસ એક સીટ આમ આદમી પાર્ટીને અને ૨ સીટ ગુજરાતમાં આપશે. આ અંગેની સત્તાવાર જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

### મોદીએ કેમ છો કહીને સંબોધનની શરૂઆત કરી હતી

# પીએમએ મિત્રા પાર્ક સહિત ૪૪ હજાર કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયું

## મોદીએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા પરિવારવાદને લઇને કોંગ્રેસ પર નિશાન સાધ્યું

નવસારી, તા.૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની મુલાકાતે છે ત્યારે આ દરમિયાન તેઓએ નવસારીના વાસી બોરસી ગામમાં આયોજિત કાર્યક્રમમાં પીએમ મિત્રા પાર્ક સહિત ૪૪ હજાર કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. નવસારીમાં પીએમ મોદીએ જનસભાને સંબોધતા કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા હતા. પરિવારવાદન લઈને કોંગ્રેસ પર નિશાન સાધ્યું હતું.

ગુજરાતના પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત બાદ જનસભાનને સંબોધન કર્યું હતું..પીએમ મોદીએ કેમ છો કહીને સંબોધનની શરૂઆત કરી હતી. પ્રધાનમંત્રી મોદીના કોંગ્રેસ પર પ્રહાર કરતા કહ્યું કે, " કોંગ્રેસના સમયે ભારતની અર્થવ્યવસ્થા ૧૧માં નંબરે હતી, હાલ ભારતની અર્થવ્યવસ્થા પાંચમાં નંબરે છે, નાના શહેરોમાં પણ કનેક્ટીવીટીનો શાનદાર ઈંફ્રાસ્ટ્રક્ચર છે. નાના શહેરોમાં પણ લોકો હવાઈ યાત્રાનો લાભ લઈ રહ્યા છે, અમારી સરકાર ગરીબોને પાકા ઘર આપી રહી છે,આજે દુનિયા ડિજિટલ ઈંડિયાને ઓળખી ગઈ છે,કોંગ્રેસના લોકો ડિજિટલ ઈંડિયાનો મજાક ઉડાવતા હતા,કોંગ્રેસે દશકો સુધી દેશ સાથે અન્યાય કર્યો હતો. કોંગ્રેસે દશકો સુધી દુનિયાને દેશની અસલી વિરાસતથી દૂર રાખી હતી, આજે દુનિયામાં ભારતની સમૃદ્ધ વિરાસતની ગૂંજ છે. કોંગ્રેસના એક પણ નેતાઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી નથી પહોંચ્યા, કોંગ્રેસના નેતાઓને ગુજરાતના લોકો ક્યારે માફ નહીં કરે. કોંગ્રેસ પાસે મોદીને ગાળો આપવા સિવાય કોઈ એજન્ડા નથી.કોંગ્રેસ પાસે દેશના ભવિષ્ય માટે કોઈ એજન્ડા નથી.પરિવારવાદી માનસિકતા નવી પ્રતિભાની દુશ્મન, પરિવારવાદી માનસિકતા યુવાનો માટે દુશ્મન છે. કોંગ્રેસ જેટલા કિચડ ફેંકશા એટલા જ કમળ ખીલશે.

નવસારીના વાસી બોરસી ગામમાં આયોજિત કાર્યક્રમમાં પીએમ મિત્રા પાર્ક સહિત ૪૪ હજાર કરોડના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કર્યું હતું. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે, મોદીની ગેરેન્ટીની દેશભરમાં ચર્ચા છે. દેશના અબાલ વૃદ્ધ સૌને મોદીની ગેરેન્ટી પર વિશ્વાસ છે. મોદીની ગેરેન્ટી એટલે ગેરેન્ટી પૂરી થવાની ગેરેન્ટી ગુજરાત જાણે છે. હું ગુજરાતમાં હતો ત્યારે પાંચ એફની વાત કરતો હતો

ટેક્સટાઈલ ઉદ્યોગને ખુબ ફાયદો થશે , વિશ્વમાં ગુજરાતની ગુંજ સંભળાશે.સુરત સિલ્ક સિટીનો વિસ્તાર નવસારી સુધી થઈ રહ્યો છે, આ પાર્કના નિર્માણથી જ ૩ હજાર કરોડનું રોકાણ થશે,પાર્કથી આસપાસના ગામોને પણ રોજગારી મળશે,ગુજરાત વીજળીનું મહત્વ સમજે છે,એક સમયે ગુજરાતના લોકો વીજળીની સમસ્યાથી પરેશાન હતા,વીજળીના સંકટના કારણે ગુજરાતનો વિકાસ અસંભવ હતો.અસંભવને સંભવ કરવા માટે મોદી છે.આજે દરેક ક્ષેત્રમાં ભારત આત્મનિર્ભર બની રહ્યું છે, પીએ મોદીએ કહ્યુ કે, "PM સૂર્યઘર હેઠળ ૩૦૦ યુનિટ મફત વીજળીની ગેરેન્ટી,ઘર ઉપર સોલાર પેનલ લગાવવા સરકાર પૈસા આપશે.૩૦૦ યુનિટ કરતા વધુ વીજળી વેચવી હોય તો એ સરકાર ખરીદશે,ગરીબોને મોદીની ગેરેન્ટી પર વિશ્વાસ છે. મહિલાઓને મોદીની ગેરેન્ટી પર વિશ્વાસ છે. ખેડૂતો,દુકાનદારો, મજૂરોને મોદીની ગેરેન્ટી પર વિશ્વાસ છે"

### લોકસભાની ચૂંટણીઓને લઈને તૈયારી પૂરજોરમાં

# અરવિંદ કેજરીવાલને હાજર થવા ઈડીનું સાતમું સમન્સ

## અગાઉ ૧૪ ફેબ્રુઆરીએ ઈડીએ કેજરીવાલને સમન્સ મોકલ્યું હતું, છઠ્ઠા સમન્સ પર પણ હાજર થયા ન હતા

નવી દિલ્હી, તા.૨૨

લોકસભાની ચૂંટણી માટે ફેબ્રુઆરીના અંતમાં અથવા માર્ચના પ્રથમ અઠવાડિયામાં નોટિફિકેશન બહાર પાડવામાં આવી શકે છે. આ સંભાવનાને ધ્યાનમાં રાખીને તમામ રાજકીય પક્ષો પૂરજોશમાં તૈયારી કરી રહ્યા છે. આ વચ્ચે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં પૂછપરછ માટે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સાતમું સમન્સ મોકલ્યું છે. ઈડીએ કેજરીવાલને છ સમન્સ મોકલ્યા હતા, પરંતુ તેઓ કોઈને કોઈ કારણોસર ઈડી સમક્ષ હાજર થયા નથી. અહેવાલો અનુસાર, દિલ્હીમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ગઠબંધન પર વાતચીત અંતિમ તબક્કામાં ચાલી રહી હતી. આજે બંને પક્ષો વચ્ચે બેઠક વહેંચણીને લઈને સમજૂતી થઈ છે, જેમાં દિલ્હીમાં લોકસભાની સાત બેઠકોમાંથી આપ ૪ બેઠકો પર ચૂંટણી લડશે જ્યારે કોંગ્રેસે ૩ લોકસભા બેઠકો પર ચૂંટણી લડી શકે છે. નોંધનીય છે કે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ઘણી વખત કોંગ્રેસ સાથે સીટ વહેંચણીમાં વિલંબ પર નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે "આ કામ ઘણું પહેલા થઈ જવું જોઈતું હતું" દિલ્હી લિકર પોલિસી કૌભાંડમાં મની લોન્ડરિંગના આરોપો છે અને ઈડીએ આ જ કેસમાં પૂછપરછ માટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ મોકલ્યું છે. અગાઉ ૧૪ ફેબ્રુઆરીએ પણ ઈડીએ કેજરીવાલને પૂછપરછ માટે સમન્સ મોકલ્યું હતું, પરંતુ છઠ્ઠા સમન્સ પર પણ કેજરીવાલ હાજર થયા ન હતા. વર્ષ ૨૦૨૩મા ૨ નવેમ્બર, ૨૧ ડિસેમ્બર અને આ વર્ષે ૩ જાન્યુઆરી, ૧૮ જાન્યુઆરી અને ૨ ફેબ્રુઆરીએ ઈડીએ કેજરીવાલને પૂછપરછ માટે સમન્સ મોકલ્યું હતું. નવેમ્બર ૨૦૨૧માં દિલ્હી સરકારે નવી આબકારી નીતિની શરૂઆત કરી હતી, તેના કરણે દિલ્હીમાં દારૂ સસ્તો થયો અને છૂટક વેપારીઓને પણ છૂટ મળી હતી. જોકે, ભાજપ દ્વારા દારૂ વેચવા માટેના લાયસન્સ આપવામાં ગોટાળો થયનો આક્ષેપ લગાવ્યો હતો અને તેના અનુસાર, પાર્ટીના મનપસંદ ડીલરોને લાભ મળ્યો. જુલાઈ ૨૦૨૨ સુધીમાં મામલો એટલો ગરમાયો કે, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનયકુમાર સક્સેનાએ મુખ્ય સચિવ પારેથી રિપોર્ટ માગ્યો હતો. રિપોર્ટના આધારે સીબીઆઈ તપાસની મંજૂરી આપી હતી. આ કેસની તપાસમા સીબીઆઈએ મનીષ સિસોદિયાની ધરપકડ કરી હતી. બાદમાં આપના રાજ્યસભાના સાંસદ સંજય સિંહની ઈડીએ ધરપકડ કરી હતી.

### આઈપીએલ પહેલા ગુજરાત ટાઈટન્સને મોટો ઝટકો

# મોહમ્મદ શમી ઈજાને લીધે આઈપીએલમાં નહીં રમી શકે

નવી દિલ્હી, તા.૨૨

આઈપીએલ ૨૦૨૪ પહેલા ગુજરાત ટાઈટન્સને મોટો ઝટકો લાગ્યો છે. ગુજરાત ટાઈટન્સનો સ્ટાર ફાસ્ટ બોલર મોહમ્મદ શમી આઈપીએલ ૨૦૨૪માંથી બહાર થઈ શકે છે.

શમીને લઈને તેની ફ્રેન્ચાઈઝી ટીમ ગુજરાત ટાઈટન્સ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી, પરંતુ બીસીસીઆઈના એક સૂત્રએ આ અંગે માહિતી આપી છે.

આઈપીએલ ૨૦૨૪માંથી જો મોહમ્મદ શમી બહાર થાય છે તો ગુજરાત ટાઈટન્સ માટે તે મોટો ઝાટકો હશે. ગુજરાત ટાઈટન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા, પહેલાથી જ મુંબઈ ઈન્ડિયન્સમાં ચાલ્યો ગયો છે અને હવે ટીમમાં શમીની ગેરહાજરી ગુજરાત ટાઈટન્સ માટે મોટી સમસ્યાઓ ઊભી કરી શકે છે. હાર્દિક પંડ્યાના મુંબઈ ઈન્ડિયન્સમાં ગયા બાદ ગુજરાત ટાઈટન્સે ટીમની કમાન શુભમન ગિલને સોંપી દીધી છે. બીસીસીઆઈના એક સૂત્રે જણાવ્યું કે શમીને તેના ડાબા પગની ઘૂંટીમાં થયેલી ઈજાની સર્જરી માટે યુકેજવું પડશે અને તેના કારણે તે આઈપીએલ ૨૦૨૪માંથી બહાર થઈ શકે છે.

આઈપીએલ ૨૦૨૩માં મોહમ્મદ શમીએ પર્પલ કેપ જીતી હતી, આ સિવાય તેણે વર્લ્ડકપ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ પણ લીધી હતી. ક્રિકેટ ચાહકો લાંબા સમયથી તેની વાપસીની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. શમીએ આઈપીએલ ૨૦૨૩માં કુલ ૨૮ વિકેટ લીધી હતી. આઈપીએલ ૨૦૨૩માં સૌથી વધુ વિકેટ લેનારા બોલરોની યાદીમાં ગુજરાત ટાઈટન્સના બોલરો ટોપ-૩ સ્થાન પર હતા. શમી પછી આ યાદીમાં મોહિત શર્મા અને રાશિદ ખાનનું નામ હતું.

### મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ સર્વેની યાદી

# વિશ્વના તમામ નેતાઓને પછાડી નરેન્દ્ર મોદી સૌથી લોકપ્રિય નેતા

## લોકસભા ચૂંટણી પહેલા આંકડાએ સ્પષ્ટ કરી દીધું છે કે પીએમ મોદીની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો નથી થયો

નવી દિલ્હી, તા.૨૨

વિશ્વભરના તમામ નેતાઓને પાછળ છોડીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી એકવાર વિશ્વના સૌથી લોકપ્રિય નેતા બની ગયા છે. મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ સર્વેએ વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં પીએમ નરેન્દ્ર મોદીએ લોકપ્રિયતાના મામલે વિશ્વના તમામ ટોચના નેતાઓને પાછળ છોડીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જોકે, આ પહેલીવાર નથી કે જ્યારે પીએમ મોદીએ ટોપ પર પોતાનું સ્થાન બનાવ્યું હોય. આ પહેલા પણ તેઓ લોકપ્રિયતાના મામલામાં વિશ્વના નેતાઓમાં ટોચ પર રહ્યા છે.

આ યાદી જાહેર થયા બાદ પશ્ચિમી દેશોના નેતાઓ પણ એ હકીકત સ્વીકારી રહ્યા છે કે વર્તમાન વૈશ્વિક પરિદ્રશ્યમાં વડાપ્રધાન મોદીની લોકપ્રિયતા સૌથી વધુ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વૈશ્વિક મંચ પર એક મજબૂત અને સફળ નેતા તરીકે ઉભરી આવ્યા છે. ૨૦૨૪ની લોકસભા ચૂંટણી પહેલા જાહેર કરાયેલા આ આંકડાએ સ્પષ્ટ કરી દીધું છે કે આજે પણ પીએમ મોદીની લોકપ્રિયતામાં કોઈ ઘટાડો નથી થયો. મોર્નિંગ કન્સલ્ટ પોલિટિકલ ઈન્ટેલિજન્સ સર્વેએ વિશ્વના સૌથી લોકપ્રિય નેતાઓની યાદી જાહેર કરી છે. જેમાં વિશ્વના તમામ લોકપ્રિય નેતાઓની આંકડા સાથે માહિતી આપવામાં આવી છે. આ યાદીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ટોપ પર છે.

આ યાદીમાં પીએમ મોદી ૭૭% લોકપ્રિયતા સાથે ટોપ પર છે. બીજી તરફ મેક્સિકોના વડાપ્રધાન એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ઓબ્રાડોરની લોકપ્રિયતા ૬૪% નજર આવી રહી છે. સ્વિટ્ઝર્લેન્ડના સંઘીય ગૃહ મામલા વિભાગના પ્રમુખ એલેન બેર્સેટને ૫૭% અને પોલેન્ડના વડાપ્રધાન ડોનાલ્ડ ટસ્કને ૫૦% લોકપ્રિયતા મળી છે. બીજી તરફ બ્રાઝિલના વડાપ્રધાન લુઈઝ ઈન્સિયો લૂલા દા સિલ્વાને ૪૭% લોકપ્રિયતા મળી છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનીઝને ૪૫% લોકપ્રિયતા મળી છે. બીજી તરફ ઈટાલીના વડાપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ વૈશ્વિક મંચ પર ૪૪% લોકપ્રિયતા હાંસલ કરી છે. ત્યારબાદ સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાંચેઝનો નંબર છે જેમને ૩૮% લોકપ્રિયતા મળી છે અને અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેનને આ યાદીમાં ૩૭% લોકપ્રિય બતાવ્યા છે.

આ યાદી પ્રમાણે કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડની લોકપ્રિયતા ૩૫% છે. જ્યારે સ્વીડનના વડા પ્રધાન ઉલ્ફ ક્રિસ્ટર્સનને ૩૩%, બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનાકને ૨૭%, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોનને ૨૪% અને દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ યૂન સુક-યોલને ૨૦% લોકપ્રિયતા મળી છે.

એકંદરે આ આંકડાઓ દ્વારા ફરી એક વખત સ્પષ્ટ થઈ ગયું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશ્વભરના નેતાઓમાં લોકપ્રિયતાના મામલે નંબર વન પર છે. વિશ્વના કોઈપણ દેશના નેતાઓ તેમની આસપાસ પણ નજર નથી આવી રહ્યા.

### કોંગ્રેસ સરકારના નિર્ણય પર ભડકી BJP

# કર્ણાટકમાં સરકાર મંદિરોમાંથી ટેક્સ વસૂલવાની તૈયારી કરી રહી છે

## આ હેઠળ સરકાર ૧ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરતા મંદિરોની આવકમાંથી ૧૦ ટકા એકત્રિત કરશે, આ ગરીબી સિવાય બીજું કંઈ નથી

નવી દિલ્હી, તા.૨૨

કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર મંદિરોમાંથી ટેક્સ વસૂલવાની તૈયારી કરી રહી છે. આ સંદર્ભમાં, કર્ણાટક હિન્દુ ધાર્મિક સંસ્થાઓ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ બિલ વિધાનસભામાં પસાર કરવામાં આવ્યું હતું. આ બિલ પાસ થયા બાદ ભારતીય જનતા પાર્ટીએ રાજ્ય સરકાર પર પ્રહારો કર્યા અને તેને હિંદુ વિરોધી ગણાવી હતી. કર્ણાટક ભાજપના અધ્યક્ષ વિજયેન્દ્ર યેદિયુરપ્પાએ કહ્યું હતું કે કોંગ્રેસ સરકાર હિંદુ વિરોધી નીતિઓ અપનાવીને પોતાની ખાલી તિજોરી ભરવા માંગે છે. વાસ્તવમાં આ બિલ હેઠળ સરકારને તે મંદિરો પાસેથી ૧૦ ટકા ટેક્સ લેવાનો અધિકાર હશે જેમની આવક ૧ કરોડ રૂપિયાથી વધુ છે અને જે મંદિરોની આવક ૧૦ લાખથી ૧ કરોડ રૂપિયાની વચ્ચે છે તે મંદિરો પાસેથી ૫ ટકા ટેક્સ લેવામાં આવશે. વિજયેન્દ્ર યેદિયુરપ્પાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર કહ્યું હતું કે રાજ્યમાં સતત હિંદુ વિરોધી નીતિઓ અપનાવીને કોગ્રેસ સરકાર હિંદુ મંદિરોની આવક પર નજર નાખી રહી છે અને પોતાનો ખાલી ખજાનો ભરવા માટે હિન્દુ ધાર્મિક સંસ્થાઓ અને ચેરિટેબલ એન્ડોમેન્ટ્સ બિલ પાસ કર્યું છે. આ સાથે તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે ટેક્સમાંથી એકત્ર કરાયેલા નાણાંનો ઉપયોગ અન્ય હેતુઓ માટે કરવામાં આવશે. તેમણે કહ્યું, "આ હેઠળ સરકાર ૧ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરતા મંદિરોની આવકમાંથી ૧૦ ટકા એકત્રિત કરશે, આ ગરીબી સિવાય બીજું કંઈ નથી. ભગવાનના જ્ઞાન અને મંદિરના વિકાસ માટે ભક્તો દ્વારા અર્પણ કરવામાં આવતો પ્રસાદ મંદિરના જીર્ણોદ્ધાર અને ભક્તોની સુવિધા માટે ફાળવવો જોઈએ. જો તે અન્ય કોઈ હેતુ માટે ફાળવવામાં આવે છે તો તે લોકોની દૈવી માન્યતાઓ પર હિંસા અને છેતરપિંડી થશે." બીજેપી નેતાએ એમ પણ કહ્યું કે શા માટે માત્ર હિન્દુ મંદિરોને જ નિશાન બનાવવામાં આવે છે અન્ય ધર્મોને નહીં. બીજેપીના હુમલાનો જવાબ આપતા કર્ણાટકના મંત્રી રામલિંગા રેડ્ડીએ ભાજપ પર ધર્મને રાજકારણમાં લાવવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે કોંગ્રેસ હિન્દુત્વની સાચી સમર્થક છે. કોંગ્રેસના નેતાએ કહ્યું હતું કે વિજયેન્દ્ર યેદિયુરપ્પા, તે સ્પષ્ટ છે કે ભાજપ હંમેશા દાવો કરીને રાજકીય લાભ લે છે કે કોંગ્રેસ હિંદુ વિરોધી છે. જો કે, અમે કોંગ્રેસના લોકો પોતાને હિંદુ ધર્મના સાચા સમર્થકો માનીએ છીએ, કારણ કે વર્ષોથી કોંગ્રેસની સરકારોએ મંદિરો અને હિંદુ હિતોનું સતત રક્ષણ કર્યું છે.

### વિશ્વની દિગ્ગજ કંપનીઓમાંની એક કંપનીનું પગલું

# ગુગલે કર્મીઓને એસએમએસ મોકલી નોકરીમાંથી કાઢી મૂક્યા

નવી દિલ્હી, તા.૨૨

દુનિયાની સૌથી મોટી ટેક કંપનીઓમાંથી એક ગુગલમાં નોકરી મેળવવાનું સપનું ઘણા લોકો જોતા હોય છે. પરંતુ આ મોટી કંપનીમાં કામ કરતા અનેક લોકોની નોકરી અચાનક છીનવાઈ ગઈ છે. કંપનીની લેટેસ્ટ પ્રોડક્ટ જેમિનિ એઆઈચેટબોટ છે અને કંપનીએ તેના પર કામ કરતા કર્મચારીને માત્ર એક એસએમએસમોકલીને નોકરીમાંથી કાઢી મૂક્યો છે.

ગૂગલના પૂર્વ કર્માચારી એલેક્સ કોહેને ટેક કંપનીમાંથી પોતાને કાઢી મૂકવા અંગેનો અનુભવ શેર કર્યો છે અને જણાવ્યું કે, અચાનક તેના પરથી હેંગઆઉટ્સઅને ગુગલ ડ્રાઈવનું એક્સેસ છીનવી લેવામાં આવ્યું. ત્યારબાદ તેમના મેનેજરે એક એસએમએસમોકલીને જણાવ્યું કે, તેમને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યા છે. કંપનીએ આ સંપૂર્ણ પ્રક્રિયામાંથી પસાર થવું પણ જરૂરી ન સમજ્યું. એલેક્સે જણાવ્યું કે, તે ગૂગલના જેમિનિ એઆઈમોડેલ સાથે સબંધિત એલ્ગોરિધમ પર કામ કરી રહ્યો હતો. માઈક્રોબ્લોગિંગ પ્લેટફોર્મ એક્સપર પોતાના ટર્મિનેશનની માહિતી આપતા એલેક્સે લખ્યું કે, જણાવતા દુઃખ થઈ રહ્યું છે કે, મને આજે ગૂગલમાંથી કાઢી મૂકવામાં આવ્યો. હું જેમિનીને શ્રેષ્ઠ બનાવવા માટે ડેવલપ કરવામાં આવી રહેલા એલ્ગોરિધમનો ઈન્ચાર્જ હતો.

એલેક્સે લખ્યું કે, હું ૧૨ મહિનાનો સર્વીરિએન્સ પીરિયડ લઈ રહ્યો છું અને ત્યારબાદ હું નક્કી કરીશ કે, આગળ શું કરવાનું છે. એ લ એ લ એ મ એ સ અ ને એઆઈશીખવાનો આ ૫ મહિનાનો સફર મજેદાર રહ્યો.

અજીબ વાત એ છે કે છેલ્લા દિવસોમાં પરપ્લેક્ટી એઆઈ સીઈઓઅરવિંદ શ્રીનિવાસે જણાવ્યું હતું કે ગૂગલે એક સમયે તેના કેટલાક કર્મચારીઓને ૩૦૦% સુધીનો પગાર વધારો આપ્યો હતો. આ વધારો એવા કર્મચારીઓને આપવામાં આવ્યો હતો જેઓ કંપનીની સર્ચ ટીમનો ભાગ હતા. આ કર્મચારીઓનો એઆઈવિભાગ સાથે કોઈ સીધો સંબંધ નહોતો.

### આજે તો વાળીનાથે વટ પાડી દીધો : વડાપ્રધાન

# ભગવાનનું કામ હોય કે દેશનું કામ બંને ઝડપથી થઈ રહ્યા છે

## વાળીનાથ ધામ મહાદેવ મંદિરના સુવર્ણ શિખર મહોત્સવમાં મહા શિવલીંગની પ્રતિષ્ઠા મોદીના હસ્તે કરવામાં આવી

મહેસાણા, તા.૨૨

વાળીનાથ ધામ મહાદેવ મંદિરના સુવર્ણ શિખર મહોત્સવમાં ગુરુપુષ્ય અમૃતસિદ્ધિ યોગમાં મહા શિવલીંગની પ્રતિષ્ઠા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે કરવામાં આવી છે. પ્રાણ પ્રતિષ્ઠા બાદ વડાપ્રધાન મોદીએ જય વાળીનાથથી સંબોધન શરૂ કર્યું હતું. "વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે ઘણા બધા જુના જોગીઓના દર્શન કરવા મળ્યા. આ સાંભળતા જ લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો."સ મોદીએ ઉમેર્યું કે, આજે તો વાળીનાથે વટ પાડી દીધો છે. આગાઉ ઘણીવાર અહીં આવ્યો છું પણ આજે તો કંઈક અલગ જ વાત છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, આજના દિવસે એક સંયોગ થયો છે. આજથી ઠીક એક મહિના પહેલાં અયોધ્યામાં હતો. રબારી સમાજ માટે આ ગુરુગાદી આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. લોકોની સુવિધા માટે આજે ૧૩૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુર્હૂત કરાયું છે. જેનાથી લોકો માટે રોજગાર માટે નવું અવસર બનશે. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, આજે હું દિવ્ય ઉર્જા અનુભવ કરી રહ્યો છે. આ ઉર્જા એ યાત્રાથી પણ જોડે છે જે બળદેવગીરી બાપુએ શરૂ કરી હતી. હું મંચ પરથી ગાદીપતી જયરામગીરી બાપુને વંદન કરું છે. બળદેવગીરી બાપુ જોડે મારું ગાઢ નાતો હતો. ૨૦૧૬માં તેઓએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે.

આ મંદિર માત્ર દેવાલય છે એટલું જ નથી. તે આપણી હજારો વર્ષ જૂની સંસ્કૃતીનો પ્રતિક છે. બળદેવગીરી બાપુ જોડે જ્યારે હું વાત કરતો ત્યારે હું આ સમાજના બાળકો માટેના શિક્ષણની વાત કરતો હતો. પીએમ મોદીએ કહ્યું કે, આ મોદીની ગેરંટીનું લક્ષ એ દેશના છેવાડામાં રહેલા માનવીનું જીવનધોરણ સુધરવાનું છે. દેશમાં અત્યારે એક બાજું દેવાલયો બની રહ્યાં છે તો બીજી બાજું ગરીબ પરિવારોને પોતાનું ઘર મળી રહ્યું છે. આ સાથે તેમણે ઉમેર્યું કે, છેલ્લા બે દશકોમાં વિકાસની સાથે સાથે વિરાસતની ભવ્યતા માટેનું કામ થયું છે. કમનસીબે ભારતમાં વિરાસતના ક્ષેત્રે વિકાસ અટકી પડ્યું હતું. આ કોંગ્રેસે ધર્મસ્થાનો ઉપર પ્રશ્ન કર્યા હતા. કોંગ્રેસે જ સોમનાથ અને પવાગઢના વિકાસમાં વિધ્ન પેદા કર્યું છે. જ્યારે અયોધ્યામાં અત્યારે મંદિર બનીને તૈયાર થઈ ગયું છે તે તેમણે નકારાત્મક વલણ દાખવ્યું.મોદીએ કહ્યું કે, બરાબર એક મહિના પહેલા ૨૨ જાન્યુઆરીએ હું અયોધ્યામાં ભગવાન રામના ચરણોમાં હતો. ત્યાં મને ભગવાન રામલલાની મૂર્તિના અભિષેકની ઐતિહાસિક ઘટનામાં ભાગ લેવાનું સૌભાગ્ય મળ્યું. તે પછી ૧૪ ફેબ્રુઆરી (વસંત પંચમી)ના રોજ મને અબુધાબીમાં ખાદી દેશોના પ્રથમ હિન્દુ મંદિરનું ઉદ્‌ઘાટન કરવાની તક મળી. માત્ર ૨-૩ દિવસ પહેલા જ મને ઉત્તર પ્રદેશના સંભલમાં કલ્કિ ધામનો શિલાન્યાસ કરવાનો મોકો પણ મળ્યો. હવે આજે મને અહીં તરભના આ ભવ્ય અને દિવ્ય મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા પછી પૂજા કરવાનો લહાવો મળ્યો છે.

વડાપ્રધાન મોદીએ તેમના સંબોધનમાં વધુમાં કહ્યું કે, ભારતની વિકાસ યાત્રામાં આ એક શાનદાર સમયગાળો છે. આ એવો સમય છે જ્યારે ભગવાનનું કામ હોય કે દેશનું કામ, બંને ઝડપથી થઈ રહ્યા છે. ભગવાનની સેવા પણ થઈ રહી છે અને દેશની સેવા પણ થઈ રહી છે. મોદીએ વધુમાં કહ્યું કે, ભારતમાં આઝાદી બાદ વિકાસ અને વિરાસત વચ્ચે સંઘર્ષ સર્જાયો હતો. મોદીએ વધુમાં કહ્યું કે,આજે હું આ પવિત્ર ભૂમિ પર દૈવી ઉર્જાનો અનુભવ કરી રહ્યો છું. આ ઉર્જા આપણને હજારો વર્ષોથી ચાલતી આધ્યાત્મિક ચેતના સાથે જોડે છે. જેનો સંબંધ ભગવાન કૃષ્ણ સાથે પણ છે અને મહાદેવ સાથે પણ છે. સેંકડો વર્ષ જૂનું આ મંદિર આજે ૨૧મી સદીની ભવ્યતા અને પ્રાચીન દિવ્યતા સાથે બનાવવામાં આવ્યું છે. આ મંદિર પણ સેંકડો કારીગરો અને શ્રમિકોના વર્ષોની અથાક મહેનતનું પરિણામ છે.

### વડાપ્રધાને વિશ્વનો સૌથી ઊંચો રેલવે બ્રિજ ખુલ્લો મૂક્યો

# ચિનાબ પરના બ્રિજની ઊંચાઈ નદી તટથી ૩૫૯ મીટર છે

## પુલની લંબાઈ ૧૩૧૫ મીટર છે : પુલને એવી રીતે ડિઝાઇન કરાયો છે કે તે ૧૨૦ વર્ષ સુધી સેવા આપતો રહેશે

જમ્મુ, તા.૨૨

જમ્મુ-કાશ્મીરમાં ચિનાબ નદી પર વિશ્વનો સૌથી ઊંચા રેલવે બ્રિજનું મંગળવારે પ્રધાનમંત્રી દ્વારા ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. જેને કટરા-બનિહાલ રેલવે ખંડ પર લગભગ ૨૮ હજાર રૂપિયાના ખર્ચે બનાવવામાં આવ્યો છે. આ પુલનું નિર્માણ ૨૦૦૪માં શરૂ થયું હતું અને વર્ષ ૨૦૦૯માં જ તેને પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. જો કે, સુરક્ષાના કારણોસર, તેની પ્રોજેક્ટ સાઈટ પરનું કામ ઘણી વખત અટકાવવું પડ્યું હતું.આ બ્રિજનું નિર્માણ કોંકણ રેલવે કોર્પોરેશન લિમિટેડ ઉધમપુર-શ્રીનગર-બારામૂલા રેલવે લિંક પરિયોજના હેઠળ કરવામાં આવ્યુ છે, જે ખીણને દેશના અન્ય ભાગો સાથે જોડશે. આથી ભારતીય સેના માટે પણ કામ સરળ બન્યું છે. ચાલો જાણીએ તેની વિશેષતાઓ અને શા માટે આ બ્રિજ પાકિસ્તાન અને ચીનની ચિંતાનું કારણ બન્યો છે.

આ રેલવે બ્રિજની ઊંચાઈ નદી તટથી ૩૫૯ મીટર અને લંબાઈ ૧૩૧૫ મીટર છે. આ બ્રિજ પેરિસના એફિલ ટાવર કરતાં ૩૫ મીટર ઊંચો છે. જો કે ચીનની શુપાઈ નદી પર બનેલો પુલ ૨૭૫ મીટર ઊંચો છે. આ પુલને એવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યો છે કે તે ૧૨૦ વર્ષ સુધી સેવા આપતો રહેશે. આનાથી ભારતીય રેલવે માટે જમ્મુથી કાશ્મીર ખીણ સુધી પહોંચવામાં સરળતા રહેશે.

આ બ્રિજને સ્ટ્રક્ચરલ સ્ટીલથી બનાવવામાં આવ્યો છે, જે માઈનસ ૧૦ ડિગ્રી સેલ્સિયસથી ૪૦ ડિગ્રી સેલ્સિયસ સુધીના તાપમાનને વેઠી શકે છે. આથી એવું કહી શકાય કે આ બ્રિજ પર જમ્મુ-કાશ્મીરના કોઈ પણ હવામાનની અસર પડશે નહીં અને તે વિસ્તારના બાકી ભાગો સાથે કનેક્ટિવિટી પણ રહેશે. આ બ્રિજ ચિનાબ નદીના બંને કિનારા-કૌરી છોર અને બક્કલ છોર પર સ્થાપિત બે વિશાળ કેબલ ક્રેનની મદદથી બનાવવામાં આવ્યો છે. ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન (ડીઆરડીઓ)ની મદદથી આ બ્રિજને બ્લાસ્ટ લોડ માટે પણ તૈયાર કરવામાં આવ્યો છે, એટલે કે એક રીતે આ બ્રિજ પર બ્લાસ્ટની કોઈ અસર નહીં થાય

આ બ્રિજ પર ટ્રેનો ૧૦૦થી ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડી શકશે. આ બ્રિજનો વિસ્તાર ભૂકંપ ઝોન ચારમાં આવે છે, પરંતુ તેને ભૂકંપ ઝોન પાંચ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે, એટલે કે તે ભૂકંપની દ્રષ્ટિએ એકદમ સલામત છે અને રિક્ટર સ્કેલ પર આઠની તીવ્રતાના ભૂકંપને પણ સરળતાથી ટકી શકશે. આ ઉપરાંત કાશ્મીર ખીણમાં જોરદાર પવન ફૂંકાય, તેથી આ બ્રિજને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યો છે કે જો ૨૬૬ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાય તો પણ બ્રિજ સુરક્ષિત રહે. ખીણમાં હાઈ સ્પીડ ટ્રેનો માટે માર્ગ મોકળો કરતો ચિનાબ રેલવે બ્રિજ પર બે પાટા નાખવામાં આવ્યા છે, જેથી ટ્રેનોને ક્રોસિંગ માટે ક્યાંય રોકવી ન પડે. તે ઈક્રીમેન્ટલ લોન્ચિંગ અથવા પુશ-પુલ ટેક્નોલોજી સાથે તૈયાર કરવામાં આવ્યું છે. જે ઉત્તમ એન્જિનિયરિંગનું ઉદાહરણ છે. ૨૭ હજાર ટનથી વધુ સ્ટીલના ઉપયોગથી બનેલા આ બ્રિજના નિર્માણમાં કુલ ૧૮ પિલર બનાવવામાં આવ્યા છે.

ચિનાબ રેલ બ્રિજના કારણે ભારતના અન્ય ભાગો સાથે કાશ્મીર ખીણ સીધી જ જોડાઈ ગઈ છે. જેથી હવે ભારતીય સેના માટે દૂરની સરહદો સુધી પહોંચવામાં પણ સરળતા રહેશે. સેના અને લોજિસ્ટિક્સ દુશ્મનનો સામનો કરવા માટે પણ સક્ષમ બનશે.

આ ઉપરાંત કાશ્મીર ખીણનું દુનિયા સાથે સરળ જોડાણ બાદ ખીણને વૈશ્વિક વ્યાપાર પણ મળી રહેશે. આ ઉપરાંત પ્રવાસીઓ પણ આ સ્વર્ગની મુલાકાત સરળતાથી લઈ શકાશે. તેમજ આ રેલ બ્રિજ કાશ્મીર ખીણને જમ્મુના કટરા સાથે જોડશે, જેથી કટરાથી શ્રીનગરની મુસાફરીમાં પાંચથી છ કલાકથી ઓછો સમય લાગશે. તેમજ ભારે હિમવર્ષા, ભૂસ્ખલન અને હિમપ્રપાતને કારણે શિયાળામાં શ્રીનગર-જમ્મુ હાઈવે ઘણીવાર બંધ રહેતો હોય છે. જેથી કનેક્ટિવિટી પર અસર પડે છે. પરંતુ આ બ્રિજના કારણે હવે લોકોની સડક માર્ગ પર નિર્ભરતા પણ ઘટશે.

### ભારતના મુકાબલા માટે પાકિસ્તાનનાં હવાતિયાં

# પાક. એરફોર્સ એફ-૧૬ ફાઈટર જેટ્સમાં તૂર્કીની મિસાઈલ લગાવશે

નવી દિલ્હી, તા.૨૨

પાકિસ્તાન એરફોર્સ પોતાના એફ-૧૬ ફાઈટર જેટ્સમાં તૂર્કીની હવાથી હવામાં પ્રહાર કરતી મિસાઈલ લગાવવા જઈ રહી છે. આ મિસાઈલનું નામ બોઝાડોએનછે. પાકિસ્તાન તેના જૂના એઆઈએમ-૯ સાઈડવિન્ડરની જગ્યાએ આ નવી મિસાઈલનો ઉપયોગ પોતાના ફાઈટર જેટમાં કરશે. તેમાં હાઈ-રિઝોલ્યુશન ઈન્ફ્રારેડ આ નવી મિસાઈલ તૂર્કીની ગોકેડોગનઅને પાકિસ્તાનની ફાઝ-૨ બીવીઆરએએએમમિસાઈલને જોડીને બનાવવામાં આવશે. જેથી ભારતની હવાથી હવામાં પ્રહાર કરતી એસ્ટ્રામિસાઈલને ટક્કર આપી શકાય.

બોઝોડોએનમિસાઈલની રેન્જ ૨૫ કિલોમટર છે. તેની ગતિ ૩૫૭૮ કિમી પ્રતિ કલાક છે. હવાઈ યુદ્ધ દરમિયાન આ મિસાઈલ ઘણી અસરકારક છે. આઈઆઈઆરટેક્નોલોજીના કારણે આ મિસાઈલ ક્રૂઝ મિસાઈલને પણ નીચે પાડી શકે છે. જે મિસાઈલને પાકિસ્તાન હટાવી રહ્યું છે એટલે કે એઆઈએમ-૯ સાઈડવિન્ડરતેની રેન્જ ૩૫.૩ કિમી છે. તે ૨૯૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે દુશ્મનો તરફ હુમલો કરે છે. હવે વાત કરીએ નવી મિસાઈલની જે તૂર્કી અને પાકિસ્તાન સાથે મળીને વિકસાવવાની તૈયારી કરી રહ્યા છે. તો તૂર્કીની ગોકડોગન મિસાઈલની રેન્જ ૬૫ થી ૧૦૦ કિલોમીટર છે. તેના અનેક વેરિએન્ટ ઉપસ્થિત છે. તે ફાયર એન્ડ ફોરગેટ તકનીક પર કામ કરે છે. તેની ગતિ લગભગ ૪૭૭૦ કિમી પ્રતિ કલાક છે. તૂર્કીએ આ મિસાઈલ અમેરિકન મિસાઈલોને બદલવા માટે બનાવી હતી.

# અમરેલી ખાતેથી જિલ્લા ભાજપ આયોજીત અયોધ્યા રામ લલ્લા દર્શન યાત્રા યોજાઈ






શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં 'સાંસદ ખેલ સ્પર્ધા'ને ખુલ્લી મુકવામાં આવી હતી જેમાં અમરેલી જિલ્લાની તમામ તાલુકાની ટીમોએ ભાગ લીધો હતો. જેમાં રસ્સાખેંચ તથા ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું ગ્રામ્ય કક્ષાએ અભ્યાસ કરતાં પ્રતિભાવંત ખેલાડીઓની પ્રતિભાને બહાર લાવવાના ઉદેશથી આ સ્પધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેલાડીઓને પ્રોત્સાહન વધારવા માટે અમરડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા, તાલુકા પંચાયતના પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, જિલ્લા ભાજપ પ્રમુખ મેહુલભાઈ ધોરાજીયા તેમજ ભાવેશભાઈ સોઢા, બિપીનભાઈ જોષી રાજેશભાઈ માંગરોળીયા, તાલુકાઅને જિલ્લા પંચાયતના સભ્યઓ, સંસ્થાના મંત્રી ચતુરભાઈ ખુંટ, સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્યગણ તથા સ્ટાફગણ ઉપસ્થિત રહયાં હતાં.૪૦૦ જેટલા ખેલાડીઓ પોતાની કુશળતા અને પ્રતિભાનું પ્રદર્શન કરવા અને આ ખેલ સ્પર્ધામાં ભાગ લેવાં ખૂબ ઉત્સાહથી હાજર રહયાં હતાં.રસ્સાખેંચ અંડર–૧૯ ભાઈઓમાં એસ.એચ.ગજેરા સ્કુલ અમરેલીની ટીમ વિજેતા થઈ હતી તેમજ ચેસ સ્પર્ધા ઓપન એઈજ વિભાગમાં (૧) ભાવસર કૃતાર્થ–અમેરલી (૨) ઘેલાણી કેવલ–સાવરકુંડલા (૩) સરધારા હિરેન–ધારી વિજેતા જાહેર થયાં હતાં. અંડર–૧૯ માં (૧) અર્પિતસિંહ –રાજુલા (૨) મોરવડિયા ભાર્ગવ– ધારી (૩) બહેરા રુદ્રમારાયણ– અમરેલી ચેસ સ્પર્ધામાં વિજેતા જાહેર થયાં હતાં અંડર–૧૯ બહેનો (૧) દવે ગુંજન–અમરેલી (૨) હેલૈયા ક્રિષ્ના – લાઠી (૩) દવે નિધી– બાબરા વિજેતા જાહેર થયાંહતાં. ઓપન એઈજ બહેનોની સ્પર્ધામાં વિજેતા ખેલાડીઓ આ પ્રમાણે છે. (૧) ગોસાઈ રીના – લાઠી (૨) સાકરીયા ગાયત્રી–બાબરા (૩) મહેતા જિજ્ઞા–અમરેલી તમામ ખેલાડીઓને સંસ્થા પરિવાર વતી ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, સંસ્થાના મંત્રી મનસુખભાઈ ઘાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ, સંસ્થાના ડાયરેકટર વસંતભાઈ પેથાણી, પી.ટી. શિક્ષકો તમામને સુંદર કાર્યક્રમના આયોજન બદલ હૃદયપૂર્વક ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં હતાં.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૪૫૨ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૦૦ | ૯૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૨૦૧ | ૧૨૦૧ |
| ૨ | કપાસ | ૧૦૦૦ | ૧૪૪૮ |
| ૩ | બાજરો | ૪૪૫ | ૫૨૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૦ |
| ૫ | જુવાર | ૬૦૦ | ૮૧૭ |
| ૬ | મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ૭ | તુવેર | ૧૫૦૧ | ૧૮૦૧ |
| ૮ | ચણા | ૮૫૦ | ૧૧૩૨ |
| ૯ | એરંડી | ૧૦૮૧ | ૧૦૮૧ |
| ૧૦ | ધાણા | ૯૫૪ | ૯૫૪ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૦૦૦ | ૧૨૬૭ |
| ૨ | શિંગ મોટી | ૧૦૮૨ | ૧૩૧૫ |
| ૩ | શિંગદાણા | ૧૩૭૦ | ૧૫૯૦ |
| ૪ | તલ સફેદ | ૨૩૫૫ | ૨૯૩૦ |
| ૫ | તલ કાળા | ૨૩૦૦ | ૨૯૫૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૮૦૦ | ૪૨૦૦ |
| ૭ | બાજરો | ૪૦૧ | ૫૦૧ |
| ૮ | જુવાર | ૫૫૦ | ૮૦૦ |
| ૯ | ઘંઉ ટુકડા | ૪૨૫ | ૬૭૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૫૬ |
| ૧૧ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૨ | ચણા | ૯૧૦ | ૧૧૫૭ |
| ૧૩ | ચણા દેશી | ૧૦૦૫ | ૧૩૯૯ |
| ૧૪ | તુવેર | ૧૪૧૫ | ૧૯૧૫ |
| ૧૫ | કપાસ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| ૧૬ | એરંડા | ૧૦૫૪ | ૧૧૦૪ |
| ૧૭ | જીરૂ | ૨૩૨૫ | ૬૭૦૦ |
| ૧૮ | રાયડો | ૮૧૫ | ૮૯૭ |
| ૧૯ | રાય | ૧૦૬૧ | ૧૧૩૫ |
| ૨૦ | ધાણા | ૧૧૪૦ | ૧૮૦૦ |
| ૨૧ | ધાણી | ૧૨૧૬ | ૨૮૫૦ |
| ૨૨ | અજમા | ૨૪૨૫ | ૨૪૫૦ |
| ૨૩ | સોયાબીન | ૮૨૨ | ૮૪૭ |
| ૨૪ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૫૨૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## કપાસની ચોરી થઈ

રહેણાંક મકાનમાં ગત તા.૨૬/૧ ના રોજ વહેલી સવારના સવા પાંચેક વાગ્યે કોઈ અજાણ્યા ચોર ઈસમ પ્રવેશ કરી ખેડૂતના મકાનના ફળીયામાં પડેલ કપાસની આઠ ગાંસડીઓ આશરે વજન સોળેક મણ કપાસ કિંમત રૂપિયા ૨૧૬૦૦ તથા અમરેલી તાલુકાના વડેરા ગામે રહેતા મનુભાઈ નાથાભાઈ દેવળીયા તથા મુળુભાઈ લખુભાઈ દેથળીયાની વાડીએથી પણ ત્રણ કપાસની ગાંસડીઓ આશરે વજન છ મણ કપાસની કિ.રૂા.૮૧૦૦ મળી કુલ કિમત રૂપિયા ૨૯૭૦૦ ના કપાસની ચોરી કરી કોઈ ચોર ઈસમ એક સફેદ કલરની બોલેરો પીક અપ ગાડીમાં ભરી લઈ ગયેલ હોય આ અંગે અમરેલી તાલુકા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીમાં ટ્રાફિક સમસ્યા નિવારવા

જુદા વિસ્તારોનો ફૂટ પેટ્રોલિંગ કરી લોકોને પડતી મુશ્કેલી અને ટ્રાફિકની સમસ્યાને લઈ અમરેલી શહેરની જનતાને ટ્રાફિક વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું. તથા અમરેલી શહેરમાં રોંગ સાઈડમાં તથા આડેધડ ગાડીઓ પાર્ક કરી લોકોને પડતી હાલાકીને અનુસંધાને ફોરવ્હીલ ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી તથા આ ટ્રાફિક ડ્રાઈવ દરમિયાન લોકોને ટ્રાફિક વિશેની માહિતી આપી અને કાયદાનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ તકે અમરેલી સિટી પી.આઈ. ડી.કે. વાઘેલા, સિટી પોલીસ સ્ટેશનો સ્ટાફ, જિલ્લા ટ્રાફિક પોલીસનો સ્ટાફ, ટીઆરબી જવાનો સહિતના અધિકારીઓ અને સ્ટાફ આ ફુટ પેટ્રોલીંગમાં જોડાયા હતા.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૩૮ | ૧૪૭૫ |
| ૨ | મગફળી | ૧૧૫૧ | ૧૨૫૧ |
| ૩ | ચણા | ૧૧૦૦ | ૧૧૩૪ |
| ૪ | જુવાર સફેદ | ૭૫૦ | ૮૬૧ |
| ૫ | જુવાર પીળી | ૪૫૧ | ૪૫૧ |
| ૬ | ઘઉં | ૫૦૨ | ૫૫૦ |
| ૭ | બાજરો | ૪૦૫ | ૪૦૫ |
| ૮ | જીરૂ | ૫૩૭૫ | ૫૭૬૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૮૫૦ | ૧૨૬૧ |
| ૨ | શીંગ મોટી | ૮૯૦ | ૧૩૧૩ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૨૮૦૦ |
| ૪ | તલ કાળા | ૨૬૦૦ | ૨૭૫૦ |
| ૫ | જીરૂ | ૪૧૦૦ | ૬૨૫૦ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૪૯૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૧ | ૫૪૮ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૬૦૧ |
| ૯ | ચણા | ૧૦૫૧ | ૧૧૭૧ |
| ૧૦ | તુવેર | ૧૪૫૧ | ૧૯૧૧ |
| ૧૧ | એરંડી | ૧૦૦૦ | ૧૦૯૧ |
| ૧૨ | મેથી | – | ૧૧૨૫ |
| ૧૩ | ધાણા | ૧૦૫૧ | ૨૧૪૦ |

પાના ૮ ઉપરનું ચાલું

## બાબરાનાં ચરખા ગામની

દુડવાના પત્ની રેલમબેન ઉર્ફે મેડીબેન રાજુભાઈ દુડવા નામની ૨૬ વર્ષિય પરિણીતા ગત તા.૧૪ના રોજ પોતાની ભાગીયું રાખેલ વાડીએ જીરૂના વાવેતરમાં દવાનો છંટકાવ કરતા હતા. અને દવા છાંટવા માટે ગ્લાસમાં દવા કાઢી રાખેલ હોય, અને તેણીને જમ્યા પછી પાણીની તરસ લાગતા જે ગ્લાસમા દવા નાખેલ હતી તે ગ્લાસમાંથી એકાદ ઘુંટ જેટલી દવા ભુલથી પોતે પોતાની મેળે પી જતા સારવારમાં દાખલ કરેલ હોય અને તેણીનું સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૦ | ૧૫૭૦ |
| ૨ | ઘઉં | ૪૮૦ | ૫૯૨ |
| ૩ | ચણા | ૧૦૮૦ | ૧૧૬૧ |
| ૪ | ધાણા | ૧૦૫૦ | ૨૦૦૫ |
| ૫ | તુવેર | ૧૪૦૦ | ૧૮૪૦ |
| ૬ | સોયાબીન | ૭૯૫ | ૮૩૦ |
| ૭ | જીરૂ | ૪૨૦૦ | ૬૦૫૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૧૭ |
| ૨ | મગફળી | ૧૨૮૦ | ૧૨૮૦ |
| ૩ | ઘઉં | ૪૪૫ | ૫૨૦ |
| ૪ | ચણા | ૯૬૩ | ૧૧૧૧ |
| ૫ | તુવેર | ૧૬૭૬ | ૧૭૩૬ |
| ૬ | ધાણા | ૧૦૫૭ | ૧૩૪૧ |
| ૭ | જીરૂ | ૫૪૨૫ | ૫૪૨૫ |
| ૮ | રાજગરો | ૧૧૩૦ | ૧૧૩૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૭૦ |
| ૨ | ચણા | ૮૨૧ | ૧૧૩૨ |
| ૩ | રાય | ૧૧૦૦ | ૧૧૨૭ |
| ૪ | તુવેર | ૧૪૦૦ | ૧૭૦૪ |
| ૫ | ઘઉં લોકવન | ૪૬૫ | ૫૩૮ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૩ | ૫૪૧ |
| ૭ | મગફળી | ૧૧૧૦ | ૧૨૫૦ |
| ૮ | ધાણા | ૧૦૦૫ | ૧૩૭૮ |
| ૯ | સોયાબીન | ૭૬૫ | ૮૦૩ |
| ૧૦ | તલ સફેદ | ૨૭૫૦ | ૨૭૫૦ |
| ૧૧ | જીરૂ | ૪૨૦૦ | ૪૨૦૦ |
| ૧૨ | એરંડી | ૧૦૫૧ | ૧૦૫૧ |
| ૧૩ | ચણા સફેદ | ૧૧૮૫ | ૧૧૮૫ |

## લોકસાહિત્ય સેતુની નિયમિત ૧૪૪મી બેઠક બાલભવનમાં સંપન્ન થઈ




અમરેલી, તા. ૨૨

પ.પૂ.સંત શિરોમણી મોરારિબાપુના રૂડા આશીર્વાદથી સ્થપાયેલ લોકસાહિત્ય સેતુ સંસ્થાની ૧૧૪મી નિયમિત બેઠક બાલભવનમા યોજવામા આવી.

પ્રારંભમા પ્રમુખ મહેન્દ્રભાઈ જોષીએ સહુને આવકાર આપેલ. સ્વ. સાકરબેનની તસવીરને પૂષ્પઅર્પણ તેમજ સ્વ. અલકાબેન ભટ્ટને બે મિનિટ મૌન પાળી શ્રદ્ધાંજલી અર્પણ કરી. લોકસાહિત્ય સેતુના કલાકાર સર્વ તનાક્ષીબેન, વિમળાબેન વણોતરીયા,રાજુલાના બાલકલાકાર રાજદીપભાઈ, કુ. ઝીલ જોષી, રમેશભાઈ જાદવ, કુ. તનાક્ષિબેન, સુરેશભાઈ શેખા, મહીપતભાઈ ભટ્ટ વગેરેએ લોકગીત, લગ્નગીત, દુહા છંદ રજુ કરી ભકિતરસ રેલાવ્યો.રાષ્ટ્રીય બાલ પર્યાવરણમા બાળકોને ઉત્તમ માર્ગદર્શન પૂરૂ પાડનાર બાલભવનના નાયબ નિયામક ડો.દિનેશભાઈ ત્રિવેદી, તેમજ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધા માટે જરૂરી માર્ગદર્શન પૂરૂ પાડનાર બાલભવનના સંગિત શિક્ષક પંકજભાઈ જોષીનુ ભવ્યાતિભવ્ય સન્માન કરતા આવ્યૂ. રાષ્ટ્રીય બીટ પ્લાસ્ટિક પોલ્યુસન ચિત્ર સ્પર્ધામા પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ ખેલન સોનેજી, રાષ્ટ્રીય કક્ષાએ બીટ પ્લાસ્ટિક પોલ્યુસનમા પેપર પ્રેઝન્ટમા વેસ્ટઝોનમા તૃતિય સ્થાન પ્રાપ્ત કરનાર કીર્તન કાલેણા અને તરંગ દરમિયાન તેમજ સાંસદ સાંસ્કૃતિક સ્પર્ધામા દેવમ દવે ભજનમા, કુ. ઝીલ જોષી લગ્નગીતમા, ધ્રુવભાઈ ચૌહાણ રીધમ વાદ્યમા અમરેલી જિલ્લામા પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી સંસ્થાનુ ગૌરવ વધારનાર તરીકે ભવ્યાતિભવ્ય સન્માન કરવામા આવ્યુ. લોકસાહિત્ય સેતુના કલાકારોને સદૈવ પુરસ્કૃત કરનાર કલા અને કલાકાર પામી સખાવતી દાતા સંસ્થાને આર્થિક સહયોગ આપનાર, કરોડો રૂપિયાની કિમતના પુસ્તકો અડતાલાથી અમેરિકા સુધી વાચનપ્રેમીઓને પૂરા પાડનાર સ્વ ડો. પ્રતાપભાઈ પંડયાના અધૂરા તમામ કામો પૂરા કરનાર અમેરિકા સ્થિત મનિષાબેન પંડયા દ્વારા પ્રતાપદાદાની ૬૧મી એનિવર્સરી અમેરીકામા ઉજવણી સાથે કુ. ઝીલે ગાયેલ લગ્નગીતો સાથે મહેન્દ્રભાઈ જોષીએ સ્વરચિત લગ્નગીતો ગાઈ સહુને ભાવવિભોર બનાવ્યા. આભારદર્શન મહેન્દ્રભાઈ જોષીએ પોતાની આગવી શૈલીમા કર્યુ.

આજની બેઠકમા ડોકટર જીવરાજ મહેતા સ્મારક ટ્રસ્ટના અધ્યક્ષ મોટાભાઈ સંવટ, હસુભાઈ જોષી, મહેન્દ્રભાઈ શુકલ, અશ્વિનભાઈ ત્રિવેદી, કીરણબેન ત્રિવેદી, હેમલત્તાબેન જોષી, સોનલબેન ત્રિવેદી, બિંદુબેન ત્રિવેદી (જુનાગઢ), માલતીબેન પંડયા, તરૂબેન પાઠક સમેત વિશાળ સંખ્યામા ઉપસ્થિત રહી મોજમાણી.

બાલભવનના ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા, મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા કાર્યક્રમ અંગે ખુશી સંતોષ વ્યકત કર્યો. શ્રદ્ધાંજલી અર્પણ કરેલ સાથોસાથ અમેરિકા સ્થિત સવાઈ પુત્ર તરીકે ફરજ બજાવનાર મનિષાબેન પંડયાને હૃદયપૂર્વક અભિનંદન આપ્યા.

# આસોદર–લુવારિયા–ઇંગોરાળા રોડના રિસર્ફેસિંગ કામનું ખાતમુહુર્ત ધારાસભ્ય જનક તળાવિયાના વરદ્‌ હસ્તે થયું






લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયાની ઉપસ્થિતિમાં લાઠી તાલુકાના આસોદર– લુવારિયા– ઈંગોરાળા સુધી પાકા ડામર રોડને આશરે સાત વર્ષ પૂર્ણ થતાં નવા રિસર્ફેસિંગ કરવાના ખાતમુહૂર્તનો કાર્યક્રમ વિધિવત રીતે યોજાયો હતો. જિલ્લા પંચાયત માર્ગ અને મકાનની રૂપિયા ૨ કરોડની અનુદાનની રકમમાંથી આસોદર– લુવારિયા– ઈંગોરાળા રોડ રિસરફેસ કરવામાં આવશે. અંદાજિત ૯,૦૦૦ મીટરની લંબાઈ વાળા રોડની રિસરફેસ કરવાની કામગીરી ટુંક જ સમયમાં શરૂ કરવામાં આવશે. આગામી દિવસોમાં વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે. આસોદર ખાતે રોડ રિસર્ફેસિંગ કામના ખાતમુહુર્ત પ્રસંગે ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ ગ્રામજનો સાથે ચર્ચા કરી રોડનું કામ ગુણવત્તાયુકત થાય તે અંગેની તકેદારી રાખવા જણાવ્યું હતું. લાઠી તાલુકાના આસોદર ગામે રોડ રિસર્ફેસિંગ કામના ખાતમુહુર્ત પ્રસંગે અમરેલી જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, લાઠી તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ સાવલિયા, જિલ્લા ભાજપ ઉપપ્રમુખ મગનભાઈ કાનાણી, કારોબારી ચેરમેન હિંમતભાઈ એવિયા, સંજયભાઈ પરમાર, રાવતભાઈ ગરણિયા, જિલ્લા બક્ષિપંચ મોરચાના પરેશભાઈ સરવૈયા, લુવારિયાના પૂર્વ સરપંચ પ્રતાપભાઈ ખુમાણ, ધીરૂભાઈ અકબરી, ઈંગોરાળ ાના પૂર્વ સરપંચ દિનેશભાઈ જસાણી, આસોદર–લુવારિયા–ઈંગોરાળા ગામના આગેવાનો, ગ્રામ પંચાયતના સદસ્યો, માર્ગ અને મકાન વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેર તુલેશભાઈ પડસાલા સહિતના અધિકારીઓ તેમજ કર્મચારીઓ અને બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા.

# અમરેલી ખાતે માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી






તા.૨૧/૦૨/૨૦૨૪ના રોજ વિશ્વ માતૃભાષા ગૌરવદિનના આ કાર્યક્રમમાં ગુજરાતી સાહિત્યની સાહિત્યિક સંસ્થા ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસારિત વૈવિધ્યસભર કાર્યક્રમને નિહાળવાનો લાભ સૌને મળ્યો હતો. ગુજરાતના ઉત્તમ વિદ્વાન વકતાઓ, ગાયકો, પત્રકારો અને સાહિત્યકારોને માણવાનો, સાંભળવાનો લાભ પણ મળ્યો હતો. આ કાર્યક્રમમાં પ્રેરણાદાયી ઉપદેશપ્રધાન વાર્તા, ભાનુશંકર પંડયાની વાર્તા અને ભાઈ બહેનના અતૂટ પ્રેમની વાત રજૂ કરતી, માનવીય સબંધને મજબૂત બનાવતી કિસનસિંહ ચાવડાના ચરિત્ર નિબંધ અમૃતા વિશે ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ વિદ્વાન પ્રા.ડો.મહેન્દ્રસિંહ પરમાર દ્વારા અસરકારક શૈલીમાં વાર્તાકથન કરીને સૌના માટે પ્રેરણાદાયી બની રહ્યો હતો. કાર્યક્રમનો પ્રારંભ સર્વધર્મ પ્રાર્થનાથી થયો હતો. કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ડો.બી.આર.ચુડાસમાએ માતૃભાષાની મહતા, ગૌરવ અંગે અસરકાર પ્રવચન આપ્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા ઈન્ચાર્જ પ્રિન્સિપાલ, પ્રા.ડો.ગીરીશભાઈ વેલિયત, પ્રા.જૈમીનભાઈ જોષી તથા સમગ્ર સ્ટાફે સહયોગ આપ્યો હતો. સમગ્ર સ્ટાફ અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થિનીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારદર્શન ગુજરાતી વિભાગના પ્રા.ડો.અરૂણાબેન પટેલે કર્યુ હતું.

## જાફરાબાદ ખાતે દરિયાઈ નકશામાં ખામીઓને લઈને બેઠકોનો ધમધમાટ

જાફરાબાદ, તા. ૨૨



જાફરાબાદ શિયાળબેટ અને તેમની બાજુમાં આવેલા મચ્છીમારી સાથે જોડાયેલા બંદરોના હાલમાં બનેલા નકશાઓ બાબતે માર્ગદર્શન તેમજ ખામીયુકત નકશા બાબતે મચ્છીમારોને માહિતગાર દરિયાનો દાયરોના નેજા હેઠળ મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. હાલમાં દરિયાઇ પટ્ટીના નકશા ઓમાં ઘણી ખરી ખામીઓ હોય તેમજ આ નકશામાં મચ્છીમારોની મચ્છી સુકાવાની કાઠીઓ તથા મચ્છીમારોની બોટ પાર્કિંગની જગ્યા તથા પીપળી કાંઠાનો રોડ દર્શાવેલ નથી તેમજ બેટ વિસ્તારમાં રહેતા મચ્છીમારોના રહેણાંક ઘરો પર આ નકશામાં દર્શાવ્યા નથી તેવીજ ઘણી ખરી વસ્તુઓ દર્શાવેલી ન હોવાથી તેમજ બોટ જેટી તેમજ નવા બ્રિજથી સેંટ વાપરીયા સુધી મેન્ગ્રોવ આવેલ હોય પરંતુ નકશામાં દર્શાવેલ નથી દરિયાઈ જીવસૃષ્ટિ અને સમુદ્ર માં વસતા જીવોના સઘન રક્ષણ અને સંરક્ષણ કરવા માટે રાજય સરકાર સમયાંતરે જરૂરી નીતિવિષયક નિર્ણયો લેતી રહે છે. સમગ્ર વિશ્વમાં મેગ્રોવસ (ચેર) ઉષ્ણકટિબંધીય અને પેટા ઉષ્ણકટિબંધીય હદના આંતર ભરતી દરિયાઈ વિસ્તારોમાં જોવા મળે છે. તે ભરતી – ઓટ તેમજ ભારે સમુદ્રી તોફાનો તથા જોશીલા જળ પ્રવાહોથી દરિયા કિનારાનું ધોવાણ થતાં અટકાવે છે. મેન્ગ્રોવસ કુદરતી આફતો જેવી કે દરિયાઈ તોફાન અને સુનામી વખતે પણ તેની અસર સામે રક્ષણ પૂરું પાડે છે. સમુદ્રી કિનારાના વિસ્તારો અને આંતર ભરતી દરિયાઈ વિસ્તારોમાં મેન્ગ્રોવસ સૌથી મહવના કાર્બન સિન્કસ (કાર્બન શોષક) પૈકીના એક છે. મેન્ગ્રોવસના વૃક્ષો દરિયાકાંઠા વિસ્તારમાં ઉગતી વનસ્પતિ છે. આ વૃક્ષો દરિયાનાં મોજાંને આગળ વધતા અટકાવે છે. દરિયાઈ ક્ષારના પ્રમાણને ફળદ્રુપ જમીનમાં આગળ વધતા અટકાવે છે. શિયાળા દરમિયાન આવતા વિદેશી યાયાવર પક્ષીઓ આ વૃક્ષોમાં આશ્રય લે છે. દરિયાઈ જીવસૃષ્ટિ અને સજીવસૃષ્ટિ આ વૃક્ષોમાં પોતાના ઈંડા અને બચ્ચાને ઉછેરે છે. હાલમાં વિશ્વના દેશો ગ્લોબલ વોર્મિંગની અસરોનો સામનો કરી રહ્યા છે. ત્યારે પર્યાવરણ અને દરિયાકાંઠો બચાવવાનાં ભાગરૂપે પર્યાવરણીય મહત્વ દરિયાઈ સુરક્ષા પાળા તરીકે કામ કરતા વૃક્ષો, પશુઓ પક્ષીઓ પ્રાણીઓ દરિયાઈ જીવસૃષ્ટિ અને સજીવસૃષ્ટિ માટે ઉપયોગિત મેન્ગ્રોવસ આ નકશામાં ઓછા દર્શાવેલા છે. ઘણીખરી ખામી દર્શાવેલ નકશાઓ બાબતે રાજુલાના વકિલ અરવિંદભાઈ ખુમાણ તથા માનશિકભાઈ, મહેશભાઈ પરમાર તથા નિવેગીતાબેન તથા શિયાળબેટના માધાભાઈ શિયાળ તથા ચિથરભાઈ જોધાબાઈ બાલધિયા તથા જાફરાબાદ સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ જોડાયું હતું.

## ચાવંડનાં આરોગ્ય કેન્દ્રને જરૂરી સાધનો અર્પણ કરાયા

લાઠી, તા. ૨૨

લાઠી તાલુકાનાં ચાવંડ ગામે પ્રા.આ. કેન્દ્ર મ. હલુબેન ઈસ્માઈલભાઈ શાહ, વરલીનાકા, મુંબઈવાળા તરફથી એક લેટેસ્ટ એડઝસ્ટેબલ બેડ, હેન્ડીકેપ દર્દી માટે વોકીંગ સ્ટીકસ, ગાદલા તેમજ દર્દીઓ તથા દવાખાનાને ઉપયોગી ઘણી પરચુરણ વસ્તુઓ અર્પણ કરવામાં આવેલ છે. આ ભેટ અબ્બાસભાઈ તથા ઈકબાલભાઈ દ્વારા આપવામાં આવેલ છે. જેણે ખરેખર સમાજ માટે પ્રેરણાદાયી ઉદાહરણ પુરૂં પાડયું છે. ચાવંડ પ્રા.આ. કેન્દ્રનાં ડો. મુકેશસિંહ તથા મનોભાઈ, મુકેશભાઈ વિગેરે સ્ટાફે આભાર વ્યકત કર્યો હતો. પ્રા.આ. કેન્દ્રનાં કો.ઓ. હિરેનભાઈએ સમાજનાં આવા કાર્યો કરવા નૌયુવાનોને જાગૃત થવા પણ અપીલ કરી છે. પ્રા.આ.કે. ચાવંડનાં ડ્રાઈવર જયસુખભાઈ યાદવે પણ આભાર વ્યકત કર્યો હતો.

## રાજુલાની હાઈસ્કુલમાં માર્ગશર્દન કેમ્પ યોજાયો

રાજુલા, તા.૨૨

રાજુલાની શ્રીમતી ટી.જે.બી. એસ. ગર્લ્સ હાઈસ્કૂલમાં કૌશલ્ય વર્ધન તેમજ કારકીર્દિ અંતર્ગત જીએચસીએલ માંથી પધારેલા મહેન્દ્રભાઈ મજીઠીયા તથા દીપકભાઈ ઝાલા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ કાર્યક્રમ અંતર્ગત ધોરણ ૧૦ તથા ૧૨ નો અભ્યાસ કરી રોજગારીની તકોનાં વિવધ ક્ષેત્ર જેવા કે નર્સીંગ, ઈલેકટ્રીશિયન કોમ્પ્યુટર ઓફિસ વર્ક વગેરે ક્ષેત્રે વિનામૂલ્યે તાલીમ તથા રોજગારી મેળવવા અંગે માહિતી આપવામાં આવી હતી. જી.એચ સી.એલ.ફાઉન્ડેશન કૌશલ્ય તાલીમ સંસ્થા વિકટર ખાતે આવેલા તાલીમ સ્થળે આ તમામ પ્રકારની તાલીમ તથા રોજગારી માટે માહિતી આપવામાં આવી હતી.

સંસ્થાનાં આચાર્યા શ્રીમતી સીમા બહેન પંડયા દ્વારા પધારેલા મહેમાનઓનું શાબ્દીક સ્વાગત સાથે મહેમાનઓનો પરિચય કરવામાં આવ્યો હતો. ત્યારબાદ મહેમાનઓએ માગદર્શન આપ્યુ હતુ. આભાર વિધિ સંસ્થાનાં સિનિયર શિક્ષક હિતેષભાઈ ઉપાધ્યાય તથા પરેશભાઈ લુણાગરિયા દ્વારા કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારનાં તમામ સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

### અંધશ્રદ્ધાની પણ કંઈક હદ હોય...

## અમીર બનવાની લાલચે એક જ પરિવારની ત્રણ મહિલાઓ એ સતત અઠવાડીયા સુધી તાંત્રિકને પોતાનું શરીર સોંપી દીધું...!

સાવરકુંડલા, તા. ૨૨



અંધશ્રદ્ધાના એક પછી એક ચોંકાવનારા સમાચારો સામે આવતા રહે છે. મધ્યપ્રદેશના રતલામ જિલ્લામાં આલોટ ગામમાં એક તાંત્રિકે એક પરિવારને ધનવાન બનાવવાની લાલચ આપી. આરોપીએ એક જ પરિવારની ત્રણ મહિલાઓને અમીર બનાવવાની લાલચ બતાવીને બળાત્કાર ગુજાર્યો. આલોટમાં મેલીવિદ્યાના ડરથી ગભરાયેલા એક પરિવારના ઘરે જ તાંત્રીક રહેવા લાગ્યો હતો. તાંત્રિકે પીડિત પરિવારને કહ્યું હતું કે તેમના ઘરમાં પૈસા દટાયેલા છે. પૈસા ઉપાડવા માટે વિશેષ પૂજા કરવી પડશે. આ પછી તેણે ૭ દિવસ સુધી મહિલાઓને પોતાની હવસનો શિકાર બનાવી. પીડિત મહિલાઓએ જણાવ્યું છે કે, આરોપી તાંત્રિક તેના ગળામાં તાવીજ લગાવતો હતો અને પાણીમાં કંઈક ભેળવીને પીવડાવતો હતો. જેના કારણે તેનું મગજ કામ કરતું બંધ થઈ ગયું હતું. આરોપી તાંત્રિક બલવીર બૈરાગી કોઈ કામ માટે આલોટ આવ્યો હતો અને પીડિતાના પરિવારના એક પરિચિતના સંપર્કમાં આવ્યો હતો. આરોપીઓએ પીડિતાના પરિવારને કહ્યું હતું કે તેમના ઘરમાં પૈસા છુપાયેલા છે. તાંત્રિકે પીડિતાના પતિ અને પુત્ર પર દબાણ કરીને તેમને તિરૂપતિ બાલાજીના દર્શન કરવા મોકલી દીધા હતા.આરોપીએ પીડિત યુવકની માતા, પુત્રી અને કાકી પર બળાત્કાર ગુજાર્યો છે. આ મામલે એસપી રાહુલ કુમારનું કહેવું છે કે ત્રણ મહિલાઓ સાથે ગેરકાયદેસર સંબંધોનો મામલો સામે આવ્યો છે. પીડિત મહિલાઓના નિવેદન લેવામાં આવી રહ્યા છે અને તાંત્રિકની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. હાલ મામલાની પણ તપાસ કરવામાં આવી રહી છે.

### એસ.પી.ની સુચનાથી તાલુકા પોલીસની કામગીરી

## અમરેલીમાં ઝુંપડામાંથી મોબાઈલની ચોરી કરનાર ઈસમની અટકાયત

### ચોરી થયેલ તમામ મુદામાલ કબ્જે થયો

અમરેલી, તા.૨૨



અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ઘરફોડ ચોરીનો તમામ મુદામાલ રીકવર કરી ડીટેકટ કરતી અમરેલી તાલુકા પોલીસ ટીમ.

ગુન્હાની વિગત એવા પ્રકારની છે કે, ગત તા.૫/૨/૨૦૨૪ ના આશરે કલાક ૨૨/૩૦ વાગ્યાથી તા.૬/૨/૨૦૨૪ના વહેલી સવારના આશરે ૫/૩૦ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે દરમ્યાન કોઈ અજાણ્યો ચોર ઈસમ ઝુપડાઓમાં પ્રવેશ કરી ફરીયાદી તથા સાહેદોના મોબાઈલ ફોન નંગ–૪ જેની કિ.રૂા.૧૨૩૦૦ તથા સાહેદ દિનેશભાઈ નંદુભાઈ ભાભોર જેનું હીરો હોન્ડા કંપનીનું સ્પ્લેન્ડર મોટર સાયકલ જુના જેવું જેના રજી. જીજે–૧૩, ડી–૫૫૩૩નું જેની આશરે કિ.રૂા.૮૦૦૦ ની ગણાય જે મો.સા. ઝુપડાની આગળ ફળીયામાં પાર્ક કરેલ હતી. તે મળી કુલ કિ.રૂા.૨૦૩૦૦ ની કોઈ અજાણ્યો ઈસમ ઝુપડાઓમાં અંદર પ્રવેશ કરી ચોરી કરી લઈ જઈ ગુન્હો કરેલ હોય જે અંગેની વિ.વારની ફરીયાદીની ફરીયાદ પરથી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશન પાર્ટ એ. ગુ.ર.નં.૧૧૧૯૩૦૦૪૨૪૦૦૭૩/૨૦૨૪ આઈપીસી કલમ ૩૮૦,૪૫૭ મુજબ ગુન્હો રજી. થયેલ હોય.

જે અન્વયે અમરેલી તાલુકા પો.સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ. આર.જી.ચૌહાણની રાહબરી હેઠળ અમરેલી તાલુકા ટીમ દ્વારા સદર ગુન્હો અન ડીટેકટ હોય જે બાબતે અલગ અલગ ટીમો બનાવી જેમાં પો.કોન્સ. લાલજીભાઈ દિપસંગભાઈ રાઠોડ તથા હાર્દિકભાઈ ઓધડભાઈ ડવની સંયુકત બાતમી આધારે એક શકમંદ ઈસમોને પકડી પાડી, મજકુર ઈસમોની સઘન પુછપરછ કરતા ઉપરોકત ઘરફોડ ચોરી કરેલ હોવાની કબુલાત આપતા, ચોરીમાં ગયેલ મુદામાલ રીકવર કરી આગળની કાર્યવાહી કરવામાં આવેલ છે.

રવિભાઈ દેવરાજભાઈ જાદવ (ઉ.વ.૨૫) રહે. અમરેલી, રોકડીયાપરાની અટકાયત કરેલ છે. સદરહું કામગીરી હિમકરસિંહ, પોલીસ અધિક્ષકની સુચના અને જે.પી.ભંડારી, નાયબ પોલીસ અધિક્ષક વિભાગના માર્ગદર્શન હેઠળ, ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.જી.ચૌહાણ અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનએ અમરેલી તાલુકા પોલીસના એ.એસ.આઈ. જે.કે.ડામોર તથા પો.કોન્સ. પ્રવિણભાઈ ધનજીભાઈ જીંજાળા તથા નરેશભાઈ ઠાકરશીભાઈ લીંબડીયા તથા લાલજીભાઈ દિપસંગભાઈ રાઠોડ તથા હાર્દિકભાઈ ઓધડભાઈ ડવનાઓ દ્વારા કરવામાં આવેલ છે.

## આનંદો : રાજુલા ખાતે શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનો પ્રારંભ કરાવતા ભાજપ અગ્રણી રવુભાઈ ખુમાણ

રાજુલા, તા. ૨૨



રાજુલા શહેરને નવુ આરોગ્ય કેન્દ્ર મળે તે માટે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા ગુજરાત સરકારમા રજુઆત કરાતા તેમના અથાગ પ્રયત્નોથી રાજુલા શહેરના લોકો માટે નવુ અર્બન પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મંજુર થયુ. જેનુ ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના પ્રતિનિધિ તરીકે પૂર્વ નગરપાલિકા પ્રમુખ અને પૂર્વ જીલ્લા ભાજપ મહામંત્રી રવુભાઈ ખુમાણના હસ્તે દીપ પ્રાગટય કરી ખુલ્લુ મુકાયું. જેમા દર્દીની સારવાર, મમતા કિલનિક, લેબોલેટરી તપાસ, પ્રસુતિ સેવાઓ અને કુટુંબ કલ્યાણ સહિતની આરોગ્યલક્ષી સારવાર મળી રહેશે. આ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શરૂ થતા જાહેર જનતાને તમામ પ્રકારની પ્રાથમિક સારવાર તેમજ ભારત ત્થા ગુજરાત સરકાર દ્વારા ચાલતા આરોગ્યલક્ષી કાર્યક્રમોનો લાભ અને માહિતી સુલભ થશે તેમજ લોકોને સરળતાથી આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહે અને આરોગ્ય કેન્દ્ર દ્વારા લોકોની તંદુરસ્તી જળવાઈ રહે તેવુ રવુભાઈ ખુમાણ દ્વારા જણાવેલ.

આ પ્રસંગે રવુભાઈ ખુમાણ,તાલુકા હેલ્થ ઓફિસર ડા.એન.વી કલસરીયા, મેડિકલ ઓફિસર ડો.કિંજલ કાતરીયા, સુપરવાઈઝર સંજયભાઈ દવે સહિતનો આરોગ્ય સ્ટાફ તેમજ આશા બહેનો હાજર રહી શહેરના લોકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરવા માટેના પ્રયત્નો કરવામાં આવ્યા. જે યાદીમાં જણાવેલ છે.

## ચલાલા હરિબા મહિલા કોલેજ ખાતે માતૃભાષા દિવસની ઉજવણી કરાઈ



ચલાલા, તા. ૨૨

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ–ચલાલા દ્વારા સંચાલિત હરિબા મહિલા કોલેજ ખાતે આંતરરાષ્ટ્રીય માતૃભાષા દીવસની શાનદાર ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમમાં ડાયરેકટર મહેશભાઈ મહેતા તથા શીતલબેન મહેતા દ્વારા વિદ્યાર્થીની બહેનોને માતૃભાષા એટલે માતાની ભાષા, માતૃભાષા એટલે સ્નેહની ભાષા એમ માતૃભાષાનું મહત્વ સમજાવવામાં આવ્યું.

સાથે સાથે કોલેજની વિદ્યાર્થીની ચોટલીયા નિષ્ઠાએ માતૃભાષા વિશે સુંદર સ્પીચ રજૂ કરી હતી. અને માતૃભાષાનું મહત્વ સમજાવતો વિડીયો બધા બહેનોએ નિહાળ્યો હતો.

આ કાર્યક્રમને સફળ બનાવવા શ્રી ભારતભૂષણ મહેશભાઈ મહેતા તથા આચાર્ય શીતલબેન મહેતા અને સમગ્ર સ્ટાફગણે જહેમત ઉઠાવી હતી.

### જય ખોડિયારના નાદ સાથે

## અમરેલીના ગીરીયા ખોડિયાર મંદિરે ખોડિયાર જયંતિની ઉજવણી

### મહાઆરતી અને મહાપ્રસાદ કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા.૨૨



ગીરીયા ખોડીયાર ચામુંડા માતાજીના મંદિરના મહંત દ્વારા મહાસુદ આઠમને શનિવાર તારીખ ૧૭/૦૨/૨૦૨૪ ના શુભ દિને ખોડીયાર માની જન્મ જયંતીની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી જેમાં ગરબા તથા ડાક ડમર તથા સાંજે મહા આરતી અને મહાપ્રસાદનું આયોજન કરવામાં આવેલું જેમાં શ્રદ્ધાળુ બહોળી સંખ્યામાં મહા આરતી અને મહાપ્રસાદનો લાભ લીધો હતો મા ખોડીયાર ની જન્મ જયંતી ઉત્સવની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી.

### અમરેલી ક્રાઈમ બ્રાન્ચે ઉજ્જૈન નજીક ઓપરેશન પાર પાડયું

## જુનાગઢ, પોરબંદર, રાજકોટ અને મોરબી જિલ્લામાં ગુન્હો કરનાર આરોપી ઝડપાયો

### આરોપી ઉદયભાઈ દવે જુનાગઢનાં હોવાનું ખુલ્યું

અમરેલી, તા. ૨૨

અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલને મળેલ ચોકકસ બાતમી હકીકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે એલસીબી ટીમે જુનાગઢ, પોરબંદર, રાજકોટ અને મોરબી જિલ્લાનાં ૪ ગુનાઓમાં વોન્ટેડ આરોપીને મધ્યપ્રદેશ રાજયના ઉજજૈન શહેર નજીકથી પકડી પાડવામાં સફળતા મળેલ છે.

ઉદયભાઈ નરોતમભાઈ દવે (ઉ.વ. ૪૭) રહે. જુનાગઢની અટકાયત કરેલ છે.

આ કામગીરી અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચના અને માર્ગદર્શન હેઠળ અમરેલી એલસીબી પોલીસ ઈન્સ્પેકટર એ.એમ. પટેલ તથા એએસઆઈ મહેશભાઈ સરવૈયા તથા હેડ કોન્સ્ટેબલ અજયભાઈ સોલંકી, તુષારભાઈ પાંચાણી તથા ઉદયભાઈ મેણીયા, કેતનભાઈ ગરણીયા, હરેશભાઈ કુંવારદાસ ધ્વારા કરવામાં આવેલ છે.

## ''અમરેલી એક્સપ્રેસ''માં રવિવારનાં અંકમાં સચિત્ર અહેવાલ પ્રસિધ્ધ થતાં

# અમરેલીમાં ટ્રાફિક સમસ્યા નિવારવા પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલીંગ

પોલીસ અધિક્ષક હિમકરસિંહની સુચનાથી સીટી પીઆઈ ડી.કે. વાઘેલા, ટ્રાફિક પીએસઆઈ વિજય ગોહિલ અને સ્ટાફે ફૂટ પેટ્રોલીંગ કર્યુ

આડેધડ વાહનપાર્ક કરનાર સામે દંડનાત્મક કાર્યવાહી કરવામાં આવતાં ફફડાટ

એસ.ટી. ડેપો, ડો. જીવરાજ મહેતા ચોક, હરિ રોડ, ટાવર ચોક સહિતનાં વિસ્તારોમાં યોજાયું પેટ્રોલીંગ

ટ્રાફિક વિભાગે નિયમિત સવારે અને સાંજે પેટ્રોલીંગ કરીને ટ્રાફિક સમસ્યા દૂર કરવી જોઈએ



અમરેલી, તા. ૨૨

''અમરેલીએક્સપ્રેસ''દૈનિકમાં ગતતા. ૧૮ ફેબ્રુઆરીને રવિવારનાં રોજ પાના નં. ૩ ઉપર ''અમરેલીમાં ટ્રાફિક સમસ્યાથી શહેરીજનો ત્રાહીમામ'' શિર્ષક હેઠળ શહેરમાં વિકરાળ બનેલ ટ્રાફિક સમસ્યા અંગેનો સચિત્ર અહેવાલ પ્રસિધ્ધ થતાં જ આજે પોલીસ વિભાગ ધ્વારા ફૂટ પેટ્રોલીંગ યોજાયું હતું.

પાલિકા અને ટ્રાફિક વિભાગે ટ્રાફિક ઝૂંબેશ શરૂ કરવી જરૂરી

અમરેલીમાં ટ્રાફિક સમસ્યાથી શહેરીજનો ત્રાહીમામ

અમરેલીના એસ.પી. હિમકરસિંહ દ્વારા સૂચનાથી અમરેલી શહેરમાં ટ્રાફિકની સમસ્યાને લઈ ખૂબ જ હાલાકી ભોગવી રહ્યા હોય. અમરેલી શહેરની જનતાને કોઈપણ જાતની હાલાકી ન ભોગવી પડે તેના અનુસંધાને અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.કે. વાઘેલા તથા જિલ્લા ટ્રાફિક પી.એસ.આઈ. વિજય ગોહિલને સૂચના આપવામાં આવેલ હોય, તેમજ અમરેલીમાં ટ્રાફિક સમસ્યાની વારંવાર રજૂઆત આવતી હોય જેને ધ્યાને લઈને અમરેલી શહેરના રાજમાર્ગો અને ટ્રાફિકની સમસ્યા રહેતી હોય તેવા જિલ્લા પંચાયત રોડ, એસ.ટી. ડેપો, રાજકમલ ચોક, ઈન્દિરા શોપિંગ સેન્ટર, હરી રોડ, ટાવર ચોક જેવા જુદા

અનુસંધાન પાના ૬ ઉપર

## ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને આઝાદ કરો



અમરેલીનાં પનોતા પુત્ર અને રાજયનાં પ્રથમ મુખ્યમંત્રી ડો. જીવરાજ મહેતાની પ્રતિમાની ફરતે હોર્ડિંગ લગાવવાની હોડ લાગી છે અને રાજકીય કાર્યકરો અને કોમર્શિયલ ક્ષેત્ર ધ્વારા પોત પોતાની જાહેરાતનાં હોર્ડિંગ પ્રતિમા ફરતે લગાવીને મહામાનવની પ્રતિમાનાં ગૌરવને નુકસાન કરતાં હોય પાલિકાનાં શાસકોએ પ્રતિમા ફરતે હોર્ડિંગ લગાડવા પ્રતિબંધ લગાવી દેવો જોઈએ તેવું શહેરીજનો ઈચ્છી રહ્યાં છે.

### દવા ભરેલ ગ્લાસમાં ભુલથી ઝેર પી જતાં

## બાબરાનાં ચરખા ગામની શ્રમિક મહિલાનું ઝેરી દવાની અસરથી મોત

મૃતક વાડીમાં ભાગીયુ રાખીને કામ કરતા હતા

અમરેલી, તા. ૨૨

મધ્યપ્રદેશના વતની અને હાલ બાબરા તાલુકાના ચરખા ગામે રમેશભાઈ ગોવીંદભાઈ ભારદીયાની વાડીમાં રહેતા રાજુભાઈ ભલાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### સફેદ કલરની પીકઅપ વાનનો ઉપયોગ કરીને

## અમરેલીના મોટા આંકડીયા અને વડેરા ગામેથી કપાસની ચોરી થઈ

અજાણ્યા તસ્કર વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૨

અમરેલી તાલુકા મોટા આંકડીયા ગામે આવેલ લુણીધાર રોડ ઉપર રહેતા રમેશભાઈ વિરજીભાઈ કયાડા નામનાં ૬૫ વૃધ્ધ ખેડૂતના

અનુસંધાન પાના ૬ ઉપર

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય...........................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ
શ્રધ્ધાંજલિ
સ્વ. જીતુભાઈ મનસુખલાલ સાદરાણી
જીવન એવું જીવી ગયા કે સૌના પથદર્શક બની ગયા,
દુ:ખને દેખાડવું નહી, સુખને છલકાવા દીધું નહી, શુન્યમાંથી સર્જન કરી,
ધર્મ-કર્મ સેવા થકી કુટુંબ માટે ફુલો પાથરી ગયા આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
ભુપતભાઈ કલ્યાણી
ભવ્ય જીતેન્દ્રભાઈ સાદરાણી
હેતલબેન જીતેન્દ્રભાઈ સાદરાણી
શિતલબેન મિતુલભાઈ ગણાત્રા
મિતુલભાઈ કાંતિલાલ ગણાત્રા

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

Since 1986
બાલમુકુંદ જ્વેલર્સ
આજનો ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ (૧૦ ગ્રામ)
54,990/-
અમરેલી
વધુ માહિતી માટે : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Sheetal ICE CREAM
WE ARE HIRING!
Job Location : Amreli
MICROBIOLOGIST / CHEMIST
(BSC/MSC) (FEMALE)
DAIRY TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
FOOD TECHNOLOGIST
(B.TECH/M.TECH) (MALE | FEMALE)
SUPERVISOR
(B.A/B.COM) (FEMALE)
WALK-IN TIME
10:00 am to 12:00 pm | 4:00 pm to 6:00 pm
APPLY NOW
+91 9081998018
sheetalhr530@gmail.com
SHEETAL COOL PRODUCTS LIMITED
PLOT NO.75 TO 81, G.I.D.C. ESTATE, AMRELI - 365601.

IFB
સ્માર્ટ બનો, સ્માર્ટ ખરીદો.
IFB ઈલેકટ્રોનીકસ તથા હોમ એપ્લાયન્સીસ પ્રોડકટસની સંપૂર્ણ શ્રેણી મેળવો માત્ર એકજ સ્થળે...
સરળ માસીક હપ્તે વસાવો
0% વ્યાજદર
SERVICE SUPPORT | EXCHANGE OFFER | FREE INSTALLATION
EASY EMI AVAILABLE | BAJAJ FINSERV | HDB FINANCIAL SERVICES
RAM ENTERPRISE
અમરેલી જિલ્લાનો સૌથી વિશ્વસનીય અને પ્રતિષ્ઠિત શોરૂમ
રામ એન્ટરપ્રાઈઝ
હોટેલ અવધ પાસે, માર્કેટયાર્ડ રોડ, અમરેલી. ફોન : ૦૨૭૯૨-૨૨૩૭૪૨, મો. ૯૪૮૪૪ ૫૯૫૪૭

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ
NCT (ગોળ હોસ્પિટલ) કેમ્પસ,ચિતલ રોડ, અમરેલી.
અમરેલીની સૌથી આધુનિક ICU ધરાવતી હોસ્પિટલમાં 24X7 ઈમરજન્સીમાં ફિઝિશિયન હવે રેગ્યુલર મળશે.
Dr. Jagruti Chandpa (M.D. Medicine)
» હૃદયના એટેકની સારવાર.
» તમામ પ્રકારની ઝેરી દવા, વીંછી, સર્પદંશ તથા કોઈપણ પ્રકારના પોઈઝનને લગતી ઈમરજન્સી સારવાર ઉપલબ્ધ.
» ફેફસાના રોગો, કિડનીના રોગો, લીવરના રોગો, પક્ષાઘાત, થાઈરોઈડ, ડાયાબિટીસ, બી.પી., બધા પ્રકારના વા તથા બધા પ્રકારના તાવની સારવાર ઉપલબ્ધ.
» દમ, ટીબી, ખેંચ, આચકી ની સારવાર ઉપલબ્ધ.
ડૉ. જાગૃતિ ચાંડપા
(એમ.ડી. મેડિસીન)
કન્સલ્ટન્ટ ફિઝિશિયન એન્ડ ઇન્ટેન્સિવીસ્ટ
99789 66629 / 99045 93355
ઉપલબ્ધ સુવિધાઓ:
અતિ આધુનિક સુવિધા યુક્ત આઈ. સી. યુ. તથા વેન્ટિલેટર ની સુવિધા / ઈ.સી.જી. તથા મલ્ટીપેરા મોનિટર / એક્સ રે / મેડિકલ / લેબોરેટરી / એમ્બ્યુલન્સ ની સુવિધા.

*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)